

જ્યોતિપુંજ
Jyoti Punj
happy diwali


legrand
LIVE THE ADVANTAGE
ELECTRIC
COMPANY
COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE
legrand
Product Brands
AVAILABLE UNDER ONE ROOF
legrand
MATCHWELL ELECTRIC COMPANY
legrand
BCH
LUKER
WONDER
TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૯ | ૬ | ૨૧-૯-૨૦૨૫ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ



**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન,
બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨. ● ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર
મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

❖❖❖

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.

❖❖❖

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ
સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**Email Id : bnssangh@gmail.com**

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક
શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

❖❖❖

Visit us at www.balasinor.in


# ગોધૂલિ બેલા

**તંત્રી સ્થાનેથી**

✍ બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

## નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

વિ. સં. ૨૦૮૨ નું નવું વર્ષ સર્વ પ્રકારે શુભદાયી, લાભદાયી, ફળદાયી, યશસ્વી નિવડે તેવી અંતઃકરણપૂર્વકની શુભકામના.

ચૌમેર યુધ્ધથી ઘેરાતા કાળા વાદળ, અસાધારણ દુઃખદ ઘટનાઓ, નિરંતર બદલાતી પરિસ્થિતીના ઉન્માદભર્યા વાતાવરણમાં હે પ્રભુ ! હું મારા કુટુંબની સર્વ પ્રકારે નિષ્ઠાપૂર્વક સેવા કરી શકું અને પૂરેપૂરા હ્રદયના ભાવથી મારા બાલાસિનોરવાસીઓના કાર્યમાં સાથ સહકાર આપી શકું તેવું સામર્થ્ય અને શક્તિ મને પ્રદાન કરો !

હે પ્રભુ ! અમારા જીવનને ધન્ય બનાવો. હંમેશ આપના કૃપાપાત્ર રહીએ એ જ અમારી અરજનો સ્વીકાર કરો !



ગોધૂલિ બેલા, ગોરજ સમય, ગોધૂલિ મુહૂર્ત સંધ્યાકાળ અર્થાત સૂર્યાસ્ત પહેલાંની સ્થિતી. આ સમયે આકાશમાં સૂર્યના કિરણો સોનેરી છટા પાથરે છે, ત્યારે સૂર્યમાં લાલીમા હોય છે. આ અનુપમ સૌંદર્ય એટલે સંધ્યાકાળ પહેલાંની સ્થિતી.

### ગોધૂલિ બેલા એટલે શું ?

સૂર્યાસ્ત પહેલાં અને દિવસ અસ્ત, પૂર્ણ થાય તે વચ્ચેનો સમય. એટલે કે જે સંધ્યાનો સમય હોય છે તેને ગોધૂલિ બેલા અથવા ગોધૂલિ કાળ કહેવામાં આવે છે. આ બેલાને સનાતન ધર્મમાં ખૂબ જ શુભ ગણવામાં આવે છે, કારણ કે આ સમયે ગૌધન (ગાયો) ચરીને પોતાનાં

# YOGA BY BANKIM PARIKH

## ONLINE YOGA SESSIONS

### CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Online Batch 1 :** Mon to Fri - 7.00 am to 8.00 am

**Off-Line Batch 2 :** Mon - Wed - Thu - 6.30 pm to 7.30 pm

**Venue :** Bal Bharti School, S.V.Road, Opp. Bata & Hitwardhak Mandal, Kandivali (West), Mumbai - 400067

**Bankim : 9820434322**

**RELEASE YOUR MIND AND BODY**

**Blessings**

**Mother : Hasumati Rajnikant Parikh** **Father : Rajnikant Ramanlal Parikh**

**Guruji : Shri Narendra Brahmacharijee**

ઘરે પાછા ફરે છે અને આ માં લક્ષ્મીના આગમનનો સમય ગણાય છે.

સંધ્યાના સમયે જ્યારે ગાયો ચરીને જંગલોમાંથી પાછી ઘરે આવતી'તી ત્યારે તેમના પગલાં થી જે રેતી ઉડતી હતી તે સમગ્ર વાતાવરણને પવિત્ર કરતી હતી. તે પવિત્ર ધૂળના નામ પરથી જ આ સંધ્યા બેલાને ગોધૂલિ બેલા કહેવામાં આવે છે.

### ગોધૂલિ બેલાનું મહત્વ

ગોધૂલિ બેલાનો સંબંધ ઘરે પાછા ફરવાથી થાય છે. આ સમયે ગાયો, પશુ-પક્ષીઓ અને અન્ય જણ પોતાના ઘર તરફ પાછા ફરે છે. પક્ષીઓ પોત પોતાનાં માળામાં જતાં રહે છે. આ સમય ઉત્સાહ, ઉમંગ, આનંદભર્યો હોય છે. એટલે આ બેલામાં સામાન્ય દોષ સહજ જ નષ્ટ થઈ જાય છે.

### ગોધૂલિ બેલામાં દોષ દૂર કરવાનું સામર્થ્ય હોય છે

શુભ તેમજ માંગલિક કાર્યો માટે ગોધૂલિ બેલાને ખૂબ શુભ માનવામાં આવે છે. આ સમયે લક્ષ્મીપૂજન કરવાથી શુભ ફળની પ્રાપ્તિ થાય છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર આ બેલા પાત અને જામિત્રાદિ દોષોનો નાશ કરવાવાળો પણ હોય છે. સાથે સાથે ગોધૂલિ બેલા લગ્નના દોષોને પણ દૂર કરે છે. અષ્ટમ્ ભાવ એટલે કે પાપ - ભાવમાં ગોચર કરી રહેલાં ગ્રહોથી ઉત્પન્ન થતાં અનિષ્ટોથી મુક્ત રાખે છે.

### ગોધૂલિ બેલામાં કરવા યોગ્ય કર્મો

ગોધૂલિ બેલામાં શિવાલયો, મંદિર, ઘર-મંદિરમાં દિપક પ્રગટાવવો ફળદાયી ગણાય છે. તુલસી કયારા પાસે દિવો પ્રગટાવવો જોઈએ. ધાર્મિક ગણાતાં વૃક્ષો જેવા કે પીપળો, બિલીપત્ર, કેળ, આંબળા, બરગદ, શમી વગેરે પાસે દિપક પ્રગટાવવો ઉત્તમ ગણાય છે. આ શુભ કાર્ય દ્વારા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તેમજ મહાલક્ષ્મી માતાના આશિર્વાદ પ્રાપ્ત થાય છે.

પૂજા-પાઠ ઈત્યાદિ ધાર્મિક કાર્યો માટે ગોધૂલિ બેલા બહુ જ સુંદર ગણાય છે. આ સમયે પૂજા-અર્ચના કરવાથી ઘરમાં સકારાત્મક ઉર્જા બને છે અને દેવી-દેવતા પ્રસન્ન થાય છે.

ગોધૂલિ બેલામાં ઘરમાં સંધ્યાવંદન, આરતી ઈત્યાદિ જરૂર કરવા જોઈએ. જેના દ્વારા સુખ-શાંતિ આવે છે અને ઘરમાં મહાલક્ષ્મીનો વાસ થાય છે. સાથે સાથે રોગ, કષ્ટ, શોક દૂર થાય છે.

ગોધૂલિ બેલામાં કરેલી પ્રભુ પ્રાર્થના ઉત્તમ ગણાય છે. કહેવાય છે કે પ્રભુ આ પ્રાર્થના સાંભળે છે અને ઈચ્છાપૂર્તિ કરે છે.

સંકટ નિવારણ માટે, સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવા ગોધૂલિ બેલામાં મૌન પાળવું જોઈએ. આ સમયે ધ્યાન કરવું ઉત્તમ ગણાય છે.

આ સમયે કોઈપણ પ્રકારના નકારાત્મક વિચાર, નકારાત્મક કાર્ય, વાદ-વિવાદ, કલેશ-કંકાસ થી દૂર રહેવું જોઈએ.

આ સમયે ભોજન, શયન વગેરે કાર્યો કરવા ઉચિત નથી ગણાતાં.

### ગોધૂલિ બેલાનો શ્લોક તથા તેનો મહિમા

**'नो वा योगा न - मृतिभवनं नैव श्रामित्र दोषो ।**

**गोधूलि : सा मुनिभिरुदिता सर्वकार्येषु शस्ता ।।'**

આ શ્લોક ગોધૂલિ બેલાનો મહિમા દર્શાવે છે. આ શ્લોકનો અર્થ છે,'ગોધૂલિ બેલામાં કોઈ દોષ નથી, કોઈ મૃતિ ભવન દોષ નથી, કોઈ શ્રામિત્ર દોષ નથી. શાસ્ત્રોમાં ગોધૂલિ બેલાને સર્વ પ્રકારના કાર્યોમાં શુભ ગણાવ્યો છે.

('નવરસ' લેખ પાના નંબર-૨૩)

II Shree Ganeshay Namah II

**SERVING SINCE 1989**

# TRADE LINK

## RIGHT PLACE. RIGHT CONNECTION.

**Authorised Channel Partner : AJMERA, CONNECTWELL, COMPAQ, HENSEL & HPL**

**AJMERA**

**Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears.**

**HENSEL**

**PASSION FOR POWER**

**Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands.**

**connectwell**

**The Right Connection**

**Connectors and terminal blocks**
**Relay interface module**

**PCE**

**Plugs and sockets, couplers, switched wall socket with interlocking**

**COMPAQ**
CONNECTING POWER

**Cable Jointing Kit & Termination Kit.**

**HPL**

**Onload Changeover Switch, ATS, MCCB, MCB, RCCB, Contactors, ACB, Switch Disconnector Fuse Energy Meters.**

**H.O.** : 301, 3rd Floor, Ajmera Midtown, Ramdas Building CHSL, Popatwadi Corner, Kalbadevi Road, Mumbai - 400002.
**Warehouse** : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone** : 022 3194 9901 **Mob.:** +91 79779 11412 / 98211 15849
**E-mail** : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત


## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

# ૭૨ મો વાર્ષિક રસોત્સવ

મુખ્ય મહેમાન

## શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)

સંસ્થાના સેવાભાવી નિવૃત્ત પૂર્વ પ્રમુખો
શ્રી સૌમિલ જીતેન્દ્રભાઈ મોદી તથા શ્રી સમીર જયેન્દ્રભાઈ ગાંધીનું બહુમાન કરવામાં આવશે.




**: તારીખ :**
**રવિવાર, તા. ૦૨-૧૧-૨૦૨૫**

**: સમય :**
**સવારે ૯.૦૦ કલાક**

**: સ્થળ :**
**બિરલા માતૃશ્રી સભાગૃહ, મરીનલાઈન્સ**

**: ટિકીટનું વિતરણ:**
**રવિવાર, તા. ૨૬-૧૦-૨૦૨૫**
**: સમય :**
**સવારે ૯.૦૦ થી ૧૧ કલાક**

નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે

- **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. રોડ પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ -૪
- **વાંદરા થી ગોરેગામ : અજય પ્રવીણચંદ્ર દોશી : મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬**, ૫૦૪, કેશવ એપાર્ટમેન્ટ, બાબુભાઈ વશી રોડ, બજાજ રોડની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭.
- **મલાડ : કમલેશ ચંદ્રકાંત દોશી : મોબાઈલ : ૯૦૦૪૬૨૧૦૬૨**, ૬/૨૦ ધ મલાડ હાઉસિંગ સોસાયટી, ૪ થે માળે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૭.
- **કાંદિવલી : સન્ની સંજય ગાંધી : મોબાઈલ : ૯૯૩૦૮૪૭૬૩૦**, એ/૪૫, સાંઈ નગર બિલ્ડીંગ, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
- **બોરીવલી : તેજસ હેમેન્દ્ર શાહ : મોબાઈલ : ૯૩૨૪૩૫૦૭૩૫**, સી/૩૦૨, સુમેર નગર, કોરા કેન્દ્રની સામે, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.

**નોંધ : વધેલી ટિકીટો નીચેના સ્થળેથી પ્રાપ્ત કરવી**
શ્રી મનોજ રસિકલાલ પરીખ (૯૮૨૦૪૩૯૧૩૪) મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલા માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. સમય : બપોરે ૨ થી ૪ કલાક

| મંત્રી | સંયોજક |
|---|---|
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ |

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

# norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

## DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

## SENTINEL ELECTRIC CO.

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# SHREE BALASINOR NAVYUVAK SANGH ORGANISED SMT. MANORAMABEN HASMUKHLAL DHARIA (SURATWALA) SPONSORED

1. **LALKHA BERA T10 TROPHY:**
   **SHRI DILIPBHAI MULJIBHAI DHARIA – LALKHA**
   **SHRI POONAMCHAND SAKARLAL KADAKIA – BERA**

**Tournament Details are as under:**

Day & Dates for the T10 OVERARM TENNIS Matches of the tournament are as under:

**17-01-2026 Saturday**
**18-01-2026 Sunday**

Tournament Venue for Leage Matches : P J Hindu Gymkhana.
Tournament Timings : All Day Matches from 9.00 A.M. to 4.00 P.M.

2. **SHRI. NATVERLAL CHUNILAL MODY JANSATHI T20 TROPHY**

Cricket is the activity wherein we all come together on a single platform & this year all the League Matches of JANSATHI T20 trophy will be conducted at SPJ Ground, Lonavala.

**Tournament Details are as under:**

Day & Dates for the League Matches of the tournament are as under:

**06-02-2026 Friday**
**07-02-2026 Saturday**
**08-02-2026 Sunday**

Finals will be played in Mumbai; Date & Venue will be announced later.
Tournament Venue for Leage Matches : SPJ Ground, Lonavala.
Tournament Timings : All Day Matches from 9.00 A.M. to 4.00 P.M.

All the interested participants are requested to kindly fill in the google form and pay tournament fees by cheque/NEFT/Gpay/Cash to anyone of the following managing committee members.
The forms will be rolled out soon.

Anish Parikh - 9321078889
Manoj Parikh - 9820439134
Rohan Desai - 9833433993
Kanishq Parikh - 9930099934
Chirag Desai - 9870928235
Rohan Dharia - 9820806411
Ripal Parikh - 9820176092
Urmil Kadakia - 9819183379
Ruchit Doshi - 9821068187

ALONE WE CAN DO SO LITTLE, TOGETHER WE CAN DO SO MUCH.

| Secretary | Coordinator | Convenor |
|---|---|---|
| **Alpesh Yogendra Dharia** | **Ripal Bipin Parikh** | **Ruchit Hitesh Doshi** |

# Shah & Shah Enterprise


Reg.Office - 1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
Sales Office - Ashoka Shopping Center, Office No: 41, 1st Floor, L.T. Marg, Mumbai - 400001.
+91-9819817568 / 9867013920 sales@shahent.co.in www.shahent.co.in
022-49737568 / 022-46198033

## Authorized Stockists:

MERSEN
*Expertise, our source of energy*


SPDs


Midget Fuse links


Solar Pv Fuse


Time Delay Fuse


Bs Semiconductor Fuses

D-Link®
Building Networks for People


Lan Network Cable


Cat 6 Cable


Copper Structure Cabling


Fiber Cabling

CITEL


Wind Turbine


AC Power


Photovoltaic

www.shahent.co.in

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને
## શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત
## ઉપનગર વિભાગ

પ્રથમ પ્રોગ્રામ

# દાંડિયા રાસ

**મુખ્ય મહેમાન**

## શ્રી કિરણકુમાર રસિકલાલ મોદી (ચોધરી)

**રવિવાર, તા. ૨૧-૦૯-૨૦૨૫, સાંજે ૫.૩૦ કલાક**

**સ્થળ : શ્યામ સત્સંગ ભવન, આદર્શ નગર, શ્રવણ નગર, ગૌરવ હાઈટ્સની સામેની ગલી, કાંદિવલી (વેસ્ટ), મેટ્રો સ્ટેશન, ન્યૂ લિંક રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.**

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**સુનીલ મોદી (ઠાસરાવાળા)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી શાંતાબેન શાંતિલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત

# વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ (Academic - 2024-2025) માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને પારિતોષિક આપવામાં આવે છે.

જેમાં કે. જી. ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.COM., B.A., B.SC., B.ED., L.L.B., MBA., MBBS, CA., ENGINEERING વગેરે વિવિધ પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

આ દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર ભાઈઓ અને બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પોતાનું નામ, સરનામું તથા મોબાઇલ નંબર લખીને તા. ૩૦/૦૯/૨૦૨૫ સુધી નીચે આપેલા સરનામે મોકલી આપવી અથવા સંપર્ક કરવો. ઈનામના વિતરણની વિગત જ્યોતિપુંજ મારફતે જણાવવામાં આવશે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, - ૯૯૩૦૩ ૯૯૧૦૦,** વિલ્સન સ્કૂલ, ગ્રાઉન્ડ ફ્લોર, ડો.વિલ્સન સ્કૂલ, કમ્પાઉન્ડ, વી.પી.રોડ, સિક્કા નગર, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

**શ્રી ઊર્મિલ નવીનચંદ્ર કડકીઆ - ૯૮૧૯૧ ૮૩૩૭૯,** બી-૫૦૩,રશ્મી કુંજ, સેવન હેવન સોસાયટી, કસ્તુરબા રોડ નં.૨, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૬.

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**ઊર્મિલ નવીનચંદ્ર કડકીઆ**

# Crescent Electricals

**Specialist In : ANALOG & DIGITAL MEASURING INSTRUMENTS, PROCESS INSTRUMENTS, UPS & INVERTORS.**

## AUTHORISED DEALER OF


### MULTISPAN

- Digital Temp Controller
- Digital Timers
- Digital Counters
- Process Indicator
- Jumbo Display
- Signal Isolator



### NIPPEN®

Reliable Performance



- Digital Multi Function Meter
- Analog Meter
- Meggar / Earth Tester
- CT'S
- APFC Relay

### KAYCEE KI

- Rotary Cam Switches
- Micro Switches
- Counter Meter
- Hour Meter
- Toggle Switches



### select

Rotary, Cam, Toggle, Micro Switches



### SENTRI

Single Phase & Three Phase Stabilizer & Transformer



### Elent

CVT / UPS




### minilec®



- Protection Relays
- Water Level Controller
- Window Annunciators


### AARYAN

A P F C RELAY



### recom®

Rotary, Cam Switches Toggle & Micro Switches



### FLUKE. MECO®

SINCE 1962

- Multi Meter / Clamp Meter
- Tacho Meter
- LUX Meter



| PARAGON | I-THERM | WACO | MICROTEK | PROTON | NRG | TAIE |
|---|---|---|---|---|---|---|
| Digital Temp. Controllor, Timer | Digital Temp. Controllor, Timer | Insulation Tester, Digital Earth Tester | Invertor and Online UPS | Timer / Window Annunciators | Current Transformer | PID Controller |

Ground Floor, Shop No. 4, Botawala Building, Behind Bank of India, 475, Kalbadevi Road, Mumbai - 400 002.

Tel. (O) : 2206 5992 / 69333345 / 98215 44950 | Email : crescentelectricals81@gmail.com

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### ગિરિ પૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ, સંપૂર્ણ વિગતો ભરીને વાલીની સહી લઈ સંસ્થાની ઓફિસમાં અથવા નીચે જણાવેલ સભ્યને તા. ૨૫-૯-૨૦૨૫ થી ૧૦-૧૦-૨૦૨૫ દરમિયાન આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :**

(૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. રોડ પોલીસ સ્ટેશન સામે, મુંબઈ-૪
**સમય : સોમવાર થી શનિવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક**

(૨) **સૌમિલ જીતેન્દ્ર મોદી :** શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૪૨/૪૬, નાગદેવી ક્રોસ લેન, રૂમ નંબર-૧૩, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. **મોબાઈલ : ૯૯૨૦૨૧૩૪૨૬**

ફોર્મ સાથે માર્કશીટની ઝેરોક્ષ અને ફી ની રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી – અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક –દિપક નવનીતલાલ શાહ (૯૮૨૦૫૭૯૧૫૫)**

## દિવાળી બક્ષિસ

સહર્ષ જણાવવાનું કે એક અનામી દાતા તરફથી ૧૦ મા વર્ષે પણ અન્ન તથા આર્થિક સહાય લેતાં કુટુંબોને


- કુટુંબ દીઠ રૂા. ૭૫૦/- આપવામાં આવશે.
- એક વૈષ્ણવ તરફથી સાતમી વાર અન્ન તથા આર્થિક સહાય લેતાં કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૧૦૦૦/- આપવામાં આવશે.
- એક વૈષ્ણવ તરફથી અન્ન તથા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૧૫૦૦/- આપવામાં આવશે.
- એક વૈષ્ણવ તરફથી અન્ન તથા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૫૦૦/- આપવામાં આવશે.
- એક વૈષ્ણવ તરફથી અન્ન તથા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૫૦૦/- આપવામાં આવશે.
- એક વૈષ્ણવ તરફથી અન્ન તથા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૨૦૦/- આપવામાં આવશે.

**કુલ રૂપિયા ૪૪૫૦/- આપવામાં આવશે.**

આ સહાય મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૬-૧૦-૨૦૨૫ થી ૧૮-૧૦-૨૦૨૫ સુધી બપોરે ૧૨.૦૦ થી ૫.૦૦ કલાકના સમયમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજનાં કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

બહારગામ વસતા કુટુંબોને મની ઓર્ડરથી મોકલવામાં આવશે. બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને શ્રી મણીકાંતભાઈ કડકીઆની દુકાનેથી આપવામાં આવશે.

સર્વ દાતાઓનો આભાર. **લી. સૌમીલ જીતેન્દ્ર મોદી (૯૯૨૦૨૧૩૪૨૬)**


SIEMENS
Ingenuity for life
Tried. Tested. Trusted.
Widest range of Low Voltage Controls and Power Distribution Products
Answers for Industry.
3RT Power Contactors
Thermal Overload Relays - 3RU
MCCB Sentron - 3VM
MPCB - 3VS
Betagard MCB - 5SL6
Betagard MCB - 5SL4
AUTHORISED DEALERS
INDIAN TRADE AGENCIES
151, Princess Street, Bhabha Bldg.,
Gr. Floor, Lohar Chawl, Mumbai 400002.
22083338 • 22030153
indiantradeagencies@hotmail.com

# PRABHAT CABLES PVT. LTD.

**HEAD OFFICE : MUMBAI**

**BRANCHES :**
**RAIPUR • BHUBANESWAR • KALABURAGI • HUBBALLI • BENGALURU • GUWAHATI**

**HEAD OFFICE :**
33, Pathak Wadi, Ismail Building, 1st Floor, Lohar Chawl,
Mumbai - 400 002, Maharashtra, India.
Tel.: +91 22 4922 4200 / 2208 5153
Email : prabhatcables@gmail.com / info@prabhatcables.com
Website : www.prabhatcables.com




nipa
Nipa Commercial Corporation
application base solutions
55 years
WATER PUMPS
CHEMICAL PUMPS
MOTORS & GEAR
GENERATORS
CONSTRUCTION MACHINES
CLEANING EQUIPMENT
GARAGE EQUIPMENTS
GARDEN MACHINES
WELDING MACHINE
WORKSHOP MACHINES
MATERIAL HANDLING
PNEUMATIC TOOLS
SHOWROOM: Plot No. 105/24, Janta Market Turbhe, Navi Mumbai 400 705.
MOB.: 98201 30161 I 9930131001 • E-mail.: info@nipa.asia I BRANCHES: ANDHERI & KALBADEVI

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી તથા
### શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત

# મહિલા વિભાગ

## ‘રાધા કૃષ્ણ નો વિવાહ ખેલ’ નો અહેવાલ

પૂ. પા.ગો. શ્રી નિલીમાબેટીજીના આશીર્વાદ અને માર્ગદર્શનથી મહિલા વિભાગે ‘રાધા-કૃષ્ણનો વિવાહ ખેલ’ શ્રાવણના પાવન મહિનામાં રજૂ કર્યો હતો.

કાર્યક્રમમાં દરેક સભ્ય બહેનોનું પ્રવેશ દ્વાર ઉપર ‘કાજુપુરી’ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. સભાગૃહના પરિસરમાં ગરમા-ગરમ ચ્હા-કોફી અને બિસ્કીટનો સર્વ બહેનોએ લ્હાવો લીધો હતો. સભાગૃહનો પ્રવેશદ્વાર સુંદર ફૂલોની રંગોળી અને દિવાઓથી સજાવવામાં આવ્યો હતો.

પૂ.પા.ગો. શ્રી નિલીમાબેટીજીને માલા તથા તિલક કરીને કાર્યક્રમની શુભ શરૂઆત સંયોજક શ્રીમતી તેજશ્રી પરીખે કરી હતી. કાર્યક્રમનું યુ-ટ્યુબ ઉપર લાઈવ પ્રસારણ થવાની ઉદ્‌ઘોષણા કરી આવનાર સર્વને આશ્ચર્યચકિત કર્યા હતાં અને હાજર સભ્ય બહેનોની ખુશીમાં ચાર ચાંદ લગાવ્યા હતા.

ત્યારબાદ શ્રી જીજીનો પરિચય શ્રીમતી તનુજા શાહે આપ્યો હતો. પૂ.પા.ગો. શ્રી નિલીમાબેટીજીએ કાર્યક્રમને અનુરૂપ આશીર્વચન આપી સહુને કાર્યક્રમ વિશે ખૂબ જ સુંદર રીતે સમજણ આપી હતી. ભાગ લેનાર દરેક કલાકારને આ કાર્યક્રમ થકી શ્રી જીજીના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત થયા હતાં.

આ ભગીરથ કાર્યક્રમને મંચ ઉપર સાકાર કરવાની જવાબદારી શ્રીમતી મિનોતીબેન શાહે બખુબી રીતે નિભાવી હતી.

આ કાર્યક્રમના કોરિયોગ્રાફર શ્રીમતી અલ્પાબેન કડકીઆએ ખૂબ જ સુઝબુઝ સાથે કાર્યક્રમને સફળ બનાવવામાં ઉમદા કાર્ય કર્યું હતું.

શ્રી જીજીના માર્ગદર્શન અને આજ્ઞા પ્રમાણે શ્રીમતી મિનોતીબેન, શ્રીમતી નયનાબેન દેસાઈ, શ્રીમતી સોનલબેન પરીખે ‘રાધા-કૃષ્ણનો વિવાહ ખેલ’ ની સ્ક્રિપ્ટ લખવામાં સખત મહેનત કરી હતી.

કાર્યક્રમને LED દ્વારા Screening કરવામાં શ્રીમતી નિત્તલ પરીખે ખૂબ મહેનત કરી હતી.

આ કાર્યક્રમની યશકલગી એ ૯૦ કલાકારોનું યોગદાન છે. તેઓએ બે મહિના સખત મહેનત કરી આ કાર્યક્રમ તૈયાર કર્યો હતો, તેમના પૂરા પરિવારજનોએ તેમનો પૂર્ણ સાથ-સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમની ખુબી એ હતી કે રંગમંચ પર જે બહેનો અભિનય કરી રહી હતી તેમના ડાયલોગ બીજી બહેનો માઈક પરથી બોલી રહ્યાં હતાં. જે લોકો માટે ખૂબ જ આશ્ચર્યજનક હતું.

**ભાગ લેનાર બહેનોના નામ આ પ્રમાણે છે.**

| પાત્રો | નામ | સ્પીકર |
|---|---|---|
| નાનો કાન્હો | ઝાયશા | ડિમ્પલ પરીખ |
| રાધા | યેશા પરીખ | રશ્મિબેન |
| યશોદા | મિલોની પરીખ | અમી પરીખ |
| નંદબાવા | દિશા દેસાઈ | તેજલ દેસાઈ |
| સખાઓ | પારૂલ શેઠ, દિશા દેસાઈ, અન્વી દેસાઈ, શિલ્પા શાહ | |
| મોટો કાન્હો | વિધી દેસાઈ | ડિમ્પલ પરીખ |
| કિર્તીજી | પરિતા કડકીઆ | નીપા ધારીઆ |

# V.B.R. ELECT. & ENGG. CO.

Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com

## AUTHORISED DISTRIBUTORS


**Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105ºC temperature.**

APAR
Tomorrow's solutions today

FSAI
Fire & Security Association of India




## L&T Electrical & Automation



enGem entice englaze ORIS

**WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.**



VTPN DB | TPN Double Door | MCB | MCB | RCBO | RCCB

## TATA POWER EZ HOME AUTOMATION

**WARRANTY : 2 YEARS**



5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS

16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT

FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN

PIR MOTION SENSOR
360º WIRELESS OCCUPANCY DETECTOR TO CONTROL APPLIANCE

SMART PLUG
CONTROLS APPLIANCES

3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES

## KEW SWITCHGEARS

Upto 200 Amps | Upto 600 Amps | Upto 1000 Amps | Upto 3150 Amps | Upto 630 Amps



Switch Fuse | Fuse Switch | Busbar Chamber | Onload Changeover | ATS

| | | |
|---|---|---|
| વૃષભાનજી | અન્વી દેસાઈ | તેજલ દેસાઈ |
| ગોપી | સોનલ પરીખ | શેફાલી કડકીઆ |
| | હેમા પરીખ | નિમીષા કડકીઆ |
| | પ્રતિક્ષા મોદી | શેફાલી કડકીઆ |
| | પ્રિતી કડકીઆ | લત્તા કડકીઆ |
| | સ્વાતિ પરીખ | નિમીષા કડકીઆ |
| | ડિમ્પલ કડકીઆ | શેફાલી કડકીઆ |
| વૃષભાનજીના બહેન | ટીના મોદી | લત્તા કડકીઆ |
| લલીતા | ડૉ. શિમોની કડકીઆ | શેફાલી કડકીઆ |

## નૃત્યમાં ભાગ લેનાર બહેનોનાં નામ

સુષમા દેસાઈ, વૈશાલી મોદી, અમી, દિપાલી દોશી, દિપ્તી, કૃપા દેસાઈ, નયના મોદી, પૂર્વી કડકીઆ, ઝાયશા, નિષ્મા શાહ, મોનિકા શાહ, ટીના મોદી, હેમા પરીખ, સંગીતા પરીખ, ઝંખના, મોનાલી, નેહા, ભાવના ગાંધી, જીજ્ઞા ધારીઆ, લોપા શાહ, યેશા, તેજશ્રી પરીખ, અલ્પા મોદી, નિત્તલ પરીખ, રચના શાહ, તનુજા શાહ, ડિમ્પલ પરીખ, જાસ્મીન ગાંધી, પ્રિતી ધર્મેશ પરીખ, બીના ધારીઆ, હેતલ પરીખ, પાયલ પરીખ, પ્રિતીબાલા શ્રોફ, બિજલ પરીખ, કવિતા મોદી, નિલીમા પરીખ, સેજલ કડકીઆ, સ્વીટી મોદી, વિધી દેસાઈ, અલ્પા કડકીઆ, મારીશા વખારીઆ, સેજલ ગાંધી, રૂપલ કડકીઆ, સર્જીતા, પારુલ શાહ, સોનાલી શાહ, પ્રિતી ધારીઆ, પ્રતિક્ષા મોદી, પ્રિતી કડકીઆ, પુનિતા, સ્વાતિ, જીજ્ઞા પરીખ, પિંકી દેસાઈ, સેજલ, પ્રિતી પરીખ, નીપા મોદી, તૃપ્તિ કડકીઆ, બેલા પરીખ, શીતલ પરીખ, સ્મિતા પરીખ, વર્ષા, દ્વીપ કડકીઆ, ખુશી, પ્રતિતી મોદી, ધૃતિ, પરિતા કડકીઆ, યેશા પરીખ, અન્વી દેસાઈ, શિમોની કડકીઆ.

## નૃત્યમાં દરેક નૃત્યને લાઈવ ગાયન ગાઈ પ્રસ્તુત કરી, ચાર ચાંદ લગાવનાર ગાયક વૃંદના કલાકાર બહેનોનાં નામ

મિનોતી શાહ, લત્તા કડકીઆ, નિમીષા કડકીઆ, નીપા ધારીઆ.

આ કાર્યક્રમને રજૂ કરવાનો આશય એ જ હતો કે આપણાં સમાજની અંદર આટલી બહોળી સંખ્યામાં પ્રતિભા છુપાયેલી છે, તેઓને રંગમંચ પૂરું પાડવું. આ કાર્યક્રમમાં ડૉક્ટર, પ્રોફેસર, બિઝનેસ વુમન, કોરિયોગ્રાફર, ઈન્ટિરિયર ડિઝાઈનર વગેરે અલગ અલગ ક્ષેત્રોની બહેનોએ ભાગ લઈ અમારું આ સ્વપ્ન સાકાર કર્યું તે બદલ મહિલા વિભાગ સર્વે કલાકારોનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમ જેમણે લાઈવ માણ્યો હતો અથવા જેમણે Youtube પર લાઈવ માણ્યો હતો એ સર્વે પ્રેક્ષકો જાણે સાક્ષાત વ્રજભૂમિમાં પહોંચી ગયા હોય તેવી અનુભૂતિ તેઓને થઈ હતી.

કાર્યક્રમનાં ઉદારદિલ દાતાશ્રીના પૂરા પરિવારજનો જેમણે નામ જાહેર ન કરવાની શરતે અમૂલ્ય ફાળો આપી કાર્યક્રમને ભવ્ય રીતે રજૂ કરવામાં મદદ કરી તેમનો મહિલા વિભાગ સહૃદય આભાર માને છે.

કાર્યક્રમના એન્ટ્રી પાસની પાછળ જાહેરાત આપવા માટે જ્યોતિપુંજના તંત્રી શ્રી બંકિમભાઈ પરીખનો પણ અમે આભાર માનીએ છીએ.

કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને ખૂબ જ શાંતિપૂર્વક અને શિસ્તબધ્ધ રીતે માણવા બદલ સર્વ સભ્ય બહેનોનો મહિલા વિભાગ આભાર માને છે.

કાર્યક્રમને રજૂ કરવા જેમણે પણ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સાથ અને સહકાર આપ્યો, તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર.

કાર્યક્રમને અંતે મહિલા વિભાગની સર્વ બહેનોને નાસ્તાના બોક્ષ આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક બહેનોને આકર્ષક ગિફ્ટ આપવામાં આવી હતી.

**મંત્રી – અલ્પેશ ધારીઆ**

**સંયોજક – તેજશ્રી પ્રશાંત પરીખ**

BHARAT K. DOSHI
98210 27136

PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India Pvt. Ltd.**

Schneider Electric




**H.O. (Mumbai) :**

306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
**Tel. :** (+91-22) 24912634 / 24942080 / 49711049, **Mob. :** (+91) 86557 73601
**E-mail :** sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

**Regional Offices :**

**SOUTH :** #3440,Ground & First Floor, Service Road, R.P.C.Layout, Vijayanagar, Bangalore-560040.
**E-mail :** blr.sales@novatek.net.in

**EAST :** 196B, Jodhpur Park, Ground Floor, Kolkata - 700068.
**E-mail :** sales.kolkata@novatek.net.in

**Marketing Offices :** Bhubneshwar, Chennai, Guwahati, Hyderabad, Nagpur, Nashik, Tirupati, Vizag.

(CIN) U31104MH2009PTC191569

www.novatek.net.in

# સવંત ૨૦૮૧-૨૦૮૨ - દશેરા-દિપાવલી પર્વોના તથા ચોપડા ખરીદવાના મુહૂર્તો

સંકલન - ગૌર શ્રી ગોપાલ ભટ્ટ

| દિવસ | શુભકાર્યો | ચોઘડીયા મુજબ સમય |
|---|---|---|
| **વિજયા દશમી (દશેરા)**<br>આસો સુદ - ૧૦<br>ગુરુવાર<br>તા. ૨-૧૦-૨૦૨૫ | શમી, શસ્ત્ર, વાહન વગેરેના પૂજનનો દિવસ. ચોપડા નોંધાવવા, ખરીદવા નવા કાર્યો શરૂ કરવાનો અને કિંમતી વસ્તુની ખરીદીનો દિવસ (મિઠાઈનો દિન) | વિજય મુહૂર્ત ૧૪.૨૭ થી ૧૫.૧૫<br>૦૬.૨૯ થી ૦૭.૫૯ - શુભ<br>૧૦.૫૮ થી ૧૫.૨૭ - ચલ-લાભ-અમૃત<br>૧૬.૫૬ થી ૧૯.૧૧- શુભ-અમૃત |
| **પુષ્ય નક્ષત્ર દિન**<br>આસો વદ - ૮<br>મંગળવાર<br>તા. ૧૪-૧૦-૨૦૨૫ | ચોપડા ખરીદવા કે ઓર્ડર આપવાનો ઉત્તમ દિવસ | ૧૧.૫૫ થી શરૂ થઈ બુધવાર<br>તા. ૧૫.૧૦.૨૦૨૫ બપોરના ૧૨ સુધી<br>૧૧.૫૫ થી ૧૩.૫૨ - લાભ-અમૃત<br>૧૫.૨૦ થી ૧૬.૪૮ - શુભ<br>૧૯.૪૮ થી ૨૧.૨૦ - લાભ |
| **ધનતેરસ**<br>આસો વદ - ૧૨/૧૩<br>શનિવાર<br>તા. ૧૮-૧૦-૨૦૨૫ | શ્રી યંત્ર પૂજનનું ધનવંતરી પૂજન ચોપડા ખરીદવા કે લાવવા અને ગાદી બિછાવવા માટેનો શુભ દિવસ | સૂર્યોદય - ૦૬.૩૭ કલાકે<br>૦૮.૦૯ થી ૦૯.૩૯ - શુભ<br>૧૨.૩૯ થી ૦૫.૦૯ - ચલ,લાભ-અમૃત<br>વિજય મુહૂર્ત ૧૨.૦૦ વાગે<br>૧૮.૧૩ થી ૨૦.૪૧ - પ્રદોષકાળ<br>૧૯.૪૯ થી ૨૧.૪૯ - વૃષભ લગ્ન<br>૦૬.૩૯ થી ૦૮.૦૯ - લાભ |
| **રવિવાર**<br>આસો વદ - ૧૩<br>તા. ૧૯-૧૦-૨૦૨૫ | સોનુ ખરીદવા માટે શુભ | ૦૮.૦૧ થી ૧૧.૨૩ - ચલ-લાભ-અમૃત |
| **દિપાવલી, દિવાળી**<br>આસો વદ - ૧૪<br>સોમવાર<br>તા. ૨૦-૧૦-૨૦૨૫ | પ્રાગટય દિવાળી ઉત્સવ<br>ચોપડા ખરીદવા, દિપપૂજા<br>લક્ષ્મી તથા શારદા પૂજન | ૦૬.૩૯ થી ૦૮.૦૯ - અમૃત<br>૦૯.૩૯ થી ૧૧.૦૯ - શુભ<br>૦૨.૦૯ થી ૦૬.૩૯ - ચલ-લાભ-અમૃત<br>૦૬.૩૯ થી ૨૦.૦૦ - ચલ<br>૨૨.૫૦ થી ૨૪.૨૩ - લાભ |

**નોંધ :** આસો સુદ-૩૦ મંગળવાર, તા. ૨૧-૧૦-૨૦૨૦ દર્શ અમાસ હોવાથી શારદપૂજન કરી શકાય. સવારે ૦૯.૩૦ થી ૦૧.૩૦ - સુધી પૂજન થઈ શકે

| દિવસ | શુભકાર્યો | ચોઘડીયા મુજબ સમય |
|---|---|---|
| **વિક્રમ સંવત ૨૦૮૨**<br>કારતક સુદ - ૧<br>નૂતન વર્ષ - બુધવાર,<br>તા. ૨૨-૧૦-૨૦૨૫ | સ્નેહ મિલન દિવસ, મિતી દિન<br>વડીલોનાં આશીર્વાદ લેવાનો<br>બેસતા વર્ષનો શુભ દિન | ૦૬.૦૦ થી ૦૯.૩૦ - શુભ<br>૧૧.૦૦ થી ૧૨.૧૦ - ચલ-લાભ-અમૃત |
| **લાભ પાંચમ**<br>કારતક સુદ - ૫<br>રવિવાર<br>તા. ૨૬-૧૦-૨૦૨૫ | | ૦૮.૦૩ થી ૧૨.૨૨ - ચલ-લાભ-અમૃત<br>૦૧.૩૦ થી ૦૩.૦૦ - શુભ<br>૦૬.૦૦ થી ૧૦.૩૦ - શુભ-અમૃત-ચલ |



# ગુગલ પાસેથી ક્રોમ ખરીદવા માટે ૩૪.૫ બિલિયન ડોલર બોલી લગાવનાર અરવિંદ શ્રીનિવાસ કોણ છે ?

**✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

૩ વર્ષ પહેલા શરૂ થયેલી Perplexity AI એ ગુગલના ક્રોમ બ્રાઉઝરને ખરીદવા માટે ૩૪.૫ બિલિયન ડોલર (લગભગ ત્રણ લાખ બે હજાર એકસો બાવન કરોડ રૂપિયા) ની ઓફર કરી છે. આનાથી જગતમાં ખળભળાટ મચી ગયો છે.

Perplexity નું AI સ્ટાર્ટ અપ વર્ષ ૨૦૨૨ માં શરૂ થયું હતું. હમણાં તેણે ૧૮ વર્ષ જૂના ગુગલ ક્રોમ ખરીદવાની ઓફર કરી છે. ક્રોમ બ્રાઉઝર ગૂગલ માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે, જેણે તેની આવક અને વ્યૂહરચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

Perplexity નું AI માં મોટું રોકાણ છે, Perplexity AI Inc. નામના સ્ટાર્ટ અપે પહેલેથી જ લગભગ ૧ બિલિયન યુએસ ડોલર (લગભગ ૮,૭૬૬ કરોડ રૂપિયા) નું મોટું રોકાણ એકત્ર કર્યું છે. Nvidia અને Soft Bank જેવી કંપનીઓએ આ સ્ટાર્ટ અપમાં રોકાણ કર્યું છે, જેનું પોતાનું મૂલ્યાંકન ૧૪ બિલિયન યુએસ ડોલર છે.

Perplexity AI નું નેતૃત્વ અરવિંદ શ્રીનિવાસ કરે છે, તેઓ Perplexity ના CEO અને સહ-સ્થાપક છે. જેમણે સુંદર પિચાઈના આ ઉત્પાદનને ખરીદવા માટે કરોડો રૂપિયાની ઓફર કરી છે.

ચેન્નાઈમાં જન્મેલા અરવિંદ શ્રીનિવાસે IIT મદ્રાસમાંથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું અને પછી યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાં અભ્યાસ કરવા ગયા. આ માહિતી તેમના Linkedin પ્રોફાઈલ પરથી મેળવવામાં આવી છે.

સ્ટાર્ટઅપ પહેલાં ગૂગલમાં કામ કર્યું હતું. Perplexity શરૂ કરતા પહેલા અરવિંદ શ્રીનિવાસે કેનેડિયન કમ્પ્યુટર વૈજ્ઞાનિક યોશુઆ બેંગિયો સાથે ગૂગલ અને ઈન્ટરનેટની વિગતો સમજવા માટે કામ કર્યું.

આ સ્ટાર્ટઅપ ૨૦૨૨ માં શરૂ થયું હતું. અરવિંદ શ્રીનિવાસે ડેનિસ યારાટ્સ, જોની હો અને એન્ડી કોનવિન્સ્કી સાથે મળીને AI સ્ટાર્ટ અપ Perplexity AI શરૂ કર્યું. પછી આ AI પ્લેટફોર્મ વધુને વધુ લોકપ્રિય બન્યું.

પર્પ્લેક્સિટી AI વાસ્તવમાં એક કન્વર્ઝનલ સર્ચ એન્જિન છે. તે સર્ચ એન્જિનની જેમ કામ કરે છે અને સર્ચ કરતી વખતે યુઝર્સને રીઅલ-ટાઈમ માહિતી પૂરી પાડે છે. તાજેતરમાં કંપનીએ પોતાનું AI સંચાલિત બ્રાઉઝર કોમેટ લોન્ચ કર્યું છે.

આ કારણ છે કે ગૂગલ માટે Chorme બ્રાઉઝર મહત્વપૂર્ણ છે.

ક્રોમ બ્રાઉઝર ગુગુલના આયોજન અને નફા માટે ખૂબ જ મહત્વપૂર્ણ ઉત્પાદન છે. તે ગુગલના ઈકો-સિસ્ટમ માટે પણ મહત્વપૂર્ણ છે. સૌ પ્રથમ ક્રોમ બ્રાઉઝર દુનિયામાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું બ્રાઉઝર છે. જ્યારે પણ કોઈ ઈન્ટરનેટ યુઝર કોઈ વેબસાઈટ શોધે છે, તેની મુલાકાત લે છે અને પોર્ટલમાં સાઈન ઈન કરે છે, ત્યારે ગુગલ તમારી થોડી માહિતી એકત્રિત કરે છે. આ ગુગલને તમારી ઈન્ટરનેટ બ્રાઉઝિંગ ટેવો સમજવામાં મદદ કરે છે. આ ડેટાની મદદથી ગુગલ તેના સર્ચ એન્જિનને સુધારે છે. આ ઉપરાંત તે જાહેરાત લક્ષ્યીકરણ અને ઉત્પાનદ ડિઝાઈનમાં પણ ફાયદો મેળવે છે.

ક્રોમ બ્રાઉઝરની મદદગી ગુગલ તેની સેવાઓને એકીકૃત કરે છે. આમાં, Gmail, ગુગલ ડ્રાઈવ, યુટ્યુબ, ગૂગલ ડોક્સ વગેરેનો સમાવેશ થાય છે. આવી સ્થતિમાં યુર્ઝસ આ સેવાઓને સરળતાથી એક્સેસ કરી શકે છે. આ પ્લેટફોર્મ સરળ એક્સેસને કારણે પણ ખૂબ લોકપ્રિય છે.

# નવરસ

(અનુસંધાન પાના નંબર - ૫ થી આગળ)

અંક નવ. નંબર નવ પૂર્ણાંક છે. સર્વશક્તિમાન એટલે અંક નવ સાથે સરખાવી શકાય.

ભગવાન પણ સૃષ્ટિનું નવસર્જન કરે છે. નવ એ દ્રષ્ટિએ સૌથી મોટો આંક છે. નવ શબ્દનો ઉપયોગ સર્વવ્યાપક છે. આ સમગ્ર ચેતન માત્રનું સંચાલન કરનાર નવ તત્વો છે. બ્રહ્માંડ નવ તત્વોને આધારે ચાલે છે. નવગ્રહ, નવરંગ, નવરત્ન, નવનાડી, નવચંડી, નવનાગ મનુષ્યને ધારણ કરનાર નવદ્વીપ, નવ મનુષ્ય સમૂહ, કુબેરના નવ ભંડાર, નવવધૂ, નવરાત્રી, નવદુર્ગા, નવશક્તિ, નવનિધી, નવસર્જન, નવચેતન...... તથા નવરસ.

**આ નવસર કયા કયા છે ?**

(૧) શ્રૃંગાર (૨) હાસ્ય (૩) કરુણા (૪) રૌદ્ર (૫) વીર (૬) ભયાનક (૭) બિભત્સ (૮) અદ્‌ભૂત (૯)શાંતિ.

નવરસ વડે સમગ્ર જીવન, સમગ્ર સંસાર છલકે છે. જેમ જીવનમાં નવરસ દર્શન થાય છે. તેવી જ રીતે રંગમંચ, કલા જગત, ભારતીય શાસ્ત્રીય નૃત્ય, કલાકૃતિમાં તેની આભા ઝળકે છે. નાટ્ય કલાકારો, ફિલ્મ નાયક-નાયિકા આ નવરસને તેમના અભિનય દ્વારા, અંગભંગિમાં દ્વારા - વિવિધ હાવભાવના, વિવિધ મનઃસ્થિતીના, લાગણીના દર્શન કરાવે છે. જે પ્રેક્ષકો સુધી પહોંચે છે. વિષય-વસ્તુના ઊંડાણનું માપદંડ કરે છે.

સંસારમાં જેમ વિવિધ તબક્કે નવરસ અગત્યનો ભાગ ભજવે છે, તેવી જ રીતે ધર્મભાવ, ઈશ્વરમાં આસ્થા, શ્રધ્ધા, વિશ્વાસ જે નવરસ ઉજાગર કરે છે. પરમકૃપાળુ પરમાત્મામાં લીન થવામાં, તલ્લીન થવામાં તેની સાથે તાદાત્મ્ય કેળવવામાં આ નવરસ અગત્યનો ભાગ ભજવે છે.

સંસાર - ગૃહસ્થ જીવન અને ભક્તિભાવ આ બન્નેના સંદર્ભમાં આપણે નવરસ માણીએ. તેનું મહત્વ સમજીએ.

## પ્રથમ રસ - શ્રૃંગાર

પ્રિયતમને મળવા જવા, જ્યારે પ્રિયતમા અંતરનાં આનંદ સાથે સાજ-શણગાર સજે છે. એ તો વસંતઋતુના સૌંદર્ય જેવા કામણગારા જ હોય છે.

રાધાનો કૃષ્ણ પ્રેમ, મીરાંબાઈના ભક્તિપદ એ શ્રૃંગાર રસના સુંદર ઉદાહરણ છે.

શ્રૃંગાર રસ ભારતીય સાંસ્કૃતિક વારસાનું એક અભિન્ન અંગ છે, જે કલાત્મક અભિવ્યક્તિ અને ભાવનાત્મક જોડાણને પ્રેરણા આપે છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં રાગ-યમન, રાગ-પીલૂ શ્રૃંગાર રસ સાથે સંકળાયેલા છે. જે હૃદયની, પ્રેમની લાગણીઓને ઉજાગર કરે છે.

## દ્વિતિય રસ - હાસ્ય

બાળકનું નિર્દોષ હાસ્ય, બધા જ દુઃખ, દર્દ, પીડા દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે. મિત્રનું હાસ્ય મનનો બોજ હળવો કરે છે.

શ્રી કૃષ્ણની ગોપ-ગોપીઓ સાથેની નટખટ લીલા, યશોદા મૈયા સાથેની બાળ-લીલા, ઈષ્ટદેવમાં ઓતપ્રોત થતાં જ અંતરમાં આનંદ ઉદ્‌ભવે છે. પરમ આનંદની અનુભૂતિ થાય છે.

હાસ્ય રસ રમૂજ દ્વારા તણાવ દૂર કરે છે. હાસ્ય રસ દ્વારા વિચારસરણી ને પ્રોત્સાહિત કરવા સામાજિક પ્રશ્નો પર ટિપ્પણી કરવા થાય છે. હાસ્ય રસ વિવિધ કલા સ્વરૂપો દ્વારા પ્રેક્ષકોમાં હાસ્ય, રમૂજ ઉત્પન્ન કરી મનોરંજન પુરું પાડે છે.

## તૃતીય રસ - કરુણા

અન્યની, સ્નેહી-સ્વજનોની, મૂક પ્રાણીઓની પીડા થી ઉત્પન્ન થતી કરુણા સંબંધોમાં, લાગણીમાં નવી ઉષ્મા, નવો પ્રેમ સીંચે છે.

સંત તુકારામ, નરસિંહ મહેતાનો ભક્તિભાવ કરુણાસભર પ્રેમના ઉત્તમ ઉદાહરણ છે.

કરુણા રસ અન્ય લોકો પ્રત્યે કોમળ કરુણા, દયા, સહાનુભૂતિ અને સમજણને પ્રોત્સાહન આપે છે.

'ઉત્તરા રામચરિત' જેવા નાટકો તેમની દુઃખદ વાર્તાઓ અને પાત્રો દ્વારા કરુણા રસને ઉત્તેજીત કરે છે. શાસ્ત્રીય સંગીતમાં રાગ-તોડી અથવા રાગ-ભૈરવી ઘણીવાર કરુણા રસ સાથે સંકળાયેલા હોય છે.

## ચતુર્થ રસ - રૌદ્ર

પોતાના બાળક માટે માતાની મમતા કસોટીની એરણ પર ચડે છે ત્યારે માતા, પોતાના બાળક માટે જાનની બાજી લગાવી દે છે. પ્રજાજનોને રાક્ષસોના ત્રાસથી ભયમુક્ત કરવા મા દુર્ગા, મા અંબા, મા કાળીએ રૌદ્ર રૂપ ધારણ કરી રાક્ષસોનો સંહાર કર્યો હતો. શ્રી રામનાં પરમ ભક્ત હનુમાજીએ લંકાદહન કર્યું હતું. ભક્ત પ્રહલાદની ભક્તિ દ્વારા હિરણ્યકશ્યપ હણાયો હતો (નૃસિંહ અવતારનું રૌદ્ર રૂપ).

રૌદ્ર રસ ક્રોધ, આક્રમકતા, સંઘર્ષ, તણાવ, સત્તા-સંઘર્ષ, ગુસ્સાની તીવ્ર લાગણીઓ સાથે સંકળાયેલા છે.

નાટ્ય કલામાં પ્રેક્ષકોને ભાવનાત્મક રીતે જોડવા, વાર્તામાં ઊંડાણ ઉમેરવા રૌદ્ર રસના ઉપયોગ દ્વારા પાત્રોમાં હિંમત, નિશ્ચય અથવા બેદરકારી જેવા લક્ષણો પ્રગટ કરાતાં હોય છે.

ભારતીય શાસ્ત્રીય સંગીત અને નૃત્યમાં રૌદ્ર રસ શક્તિશાળી અને ઉર્જાવાન સૂરો અને હલન ચલન દ્વારા વ્યક્ત થાય છે.

શાસ્ત્રીય સંગીતમાં રાગ-માલકૌસ અથવા રાગ-ભૈરવ જેવા રાગ ક્યારેક રૌદ્ર રાગ સાથે સંકળાયેલા હોય છે.

## પંચમ રસ - વીર

લોકકલ્યાણ માટે સ્વરાજની રક્ષા માટે, મા ભોમની રક્ષા માટે વીરતા દાખવનાર, કૌશલ, કુશળ, બહાદુર યોધ્ધાઓ એટલે ભગતસિંહ, શિવાજી, રાણી લક્ષ્મીબાઈ.

અર્જુનનો શ્રીકૃષ્ણ તરફનો અનન્ય પ્રેમ કુરુક્ષેત્રના મેદાનમાં વીર યોધ્ધાના રૂપે ઝળકે છે. યશ-વિજય થાય છે. પરમાત્મા તરફનો ઈશ્વર તરફનો પ્રેમ હંમેશા નિર્ભય, નીડર, બળવાન અને આત્મ વિશ્વાસથી સભર હોય છે.

વીર રસ હિંમત, બહાદુરી અને વીરતાની લાગણીઓ સાથે સંકળાયેલ છે. વીરતાપૂર્ણ કાર્યો, નિશ્ચય વ્યક્ત કરવા અથવા ગુણો, પ્રશંસા અને આદર જગાડે છે.

મહાભારત, રામાયણ જેવા મહાકાવ્યોમાં વીરતાપૂર્ણ પાત્રો દ્વારા વીર રસ ઉત્તેજીત થાય છે. રાગ-કેદાર અથવા રાગ-ભટિયાર ક્યારેક વીર રસ સાથે સંકળાયેલા હોય છે.

## ષષ્ટમ રસ - ભયાનક રસ (ભયંકર રસ)

બાળકો, યુવાનોના સુંદર ઘડતર-ચણતર માટે પિતાની એક આંખમાં પ્રેમ અને બીજી આંખમાં કરડાકી હોય છે. જે સત્યના માર્ગે તેમની પ્રગતિ કરાવે છે.

કંસનો શ્રીકૃષ્ણ તરફનો ડર, શ્રી કૃષ્ણનું વિશ્વરૂપ દર્શન થતાં જ અર્જુન ઘૂંટણિયે પડી નત મસ્તક થયો.

ભયાનક રસ માટે કલા જગતમાં અંધારાનો ઉપયોગ, અશુભ સ્વર, તીવ્ર સૂરો, હલનચલન, આતંક દ્વારા પ્રદર્શિત થાય છે. ક્યારેક સસ્પેન્સ પણ દર્શાવાય છે, જે પ્રેક્ષકોને વાર્તાના જોડાણમાં, પ્રદર્શનમાં ખેંચે છે.

ભયાનક રસ એક પ્રકારનું વિરેચન પૂરું પાડી શકે છે. જે પ્રેક્ષકોને દબાયેલી લાગણીઓનો સામનો કરવા, છૂટકારો પ્રાપ્ત કરવા મંજૂરી આપે છે.

શાસ્ત્રીય સંગીતમાં રાગ-ભૈરવ અથવા રાગ-બિલાવલ જેવા રાગ ક્યારેક ભયાનક રસ સાથે સંકળાયેલ હોય છે.

## સપ્તમ રસ - બિભત્સ

સભ્ય સમાજના લોકોને પ્રાણીઓની, નર-રાક્ષસોની જાહેર-વર્તણૂંક માન્ય નથી હોતી.

સંતો સંસારને અસાર ગણે છે. ક્ષણભંગુર સુખને તેઓ સ્વીકારતાં નથી. ગૌતમબુધ્ધે ગૃહસ્થ જીવન, સંસારનો ત્યાગ કરી તપ આદર્યું હતું. સંત એકનાથ ઈશ્વરનો તાગ પામવા ઘરબાર છોડી નીકળી પડયા હતા.

બિભત્સ રસ અણગમો, ઘૃણા જેવી લાગણીઓને ઉત્તેજીત કરે છે. તેનો ઉપયોગ સામાજીક મુદ્દાઓ, ધોરણો, માનવીય સ્વભાવના કાળા પાસા પર ટિપ્પણી કરવા માટે થઈ શકે છે, જે પરિવર્તન અથવા સુધારાની જરૂરિયાતને પ્રકાશિત કરે છે.

## અષ્ટમ રસ - અદ્‌ભૂત

જીવનમાં પરંપરા કરતાં શ્રેષ્ઠ કાર્ય, અજાયબ સ્થિતિ હાંસલ થાય ત્યારે આ અદ્‌ભૂત સફળતાથી લોકો પ્રોત્સાહિત પામી તેનો આદર કરે છે.

શ્રી કૃષ્ણાની અદ્‌ભૂત લીલાનું દર્શન, ગોપ-ગોપીઓની સાક્ષીએ ગોવર્ધન ઉઠાવી ટચલી આંગળીએ ધારણ કર્યો.

અદ્‌ભૂત રસ આશ્ચર્ય, વિસ્મય, રહસ્ય, મોહ, આકર્ષણ, પ્રેરણા, પ્રશંસાની લાગણીઓ જગાડે છે.

નાટકો તથા ફિલ્મોમાં અદ્‌ભૂત રસ દ્વારા જાદુઈ, અલૌકિક, અસાધારણ ઘટનાઓનું નિરૂપણ થાય છે. સંગીત અને નૃત્યમાં અદ્‌ભૂત રસ મોહક અને મનમોહક સૂરો તેમજ હલચચલન દ્વારા વ્યક્ત થાય છે. સાહિત્યમાં અજાયબી, જાદુઈ, મોહની ભાવના વ્યક્ત કરવા માટે અદ્‌ભૂત રસનો ઉપયોગ થાય છે. જે ઘણીવાર પ્રેક્ષકોને કાલ્પનિક, અસાધારણ દુનિયામાં લઈ જાય છે. તેથી સામાન્ય કરતાં વધુ અનુભવ કરી શકે છે.

શાસ્ત્રીય સંગીતમાં રાગ-કલ્યાણ, રાગ-કામોદ ક્યારેક અદ્‌ભૂત રસ સાથે સંકળાયેલા હોય છે.

## નવમ્ રસ - શાંતિ

શાંત, એકાગ્ર ચિત્ત ઈશ્વર સાક્ષાત્કારના માર્ગે આગળ વધે છે. નરસિંહ મહેતાને રાસ-લીલાના દર્શન થયાં, અદમ્ય શાંતિના માર્ગે રમણ મહર્ષિ સાધના માર્ગમાં આગળ વધ્યા. સંત કબીરનો ભક્તિભાવ જીવનને શ્રેષ્ઠ કક્ષાએ લઈ ગયો.

શાંતિ રસમાં શાંતિ, નિરવ શાંતિ, અદમ્ય શાંતિ, આંતિરક શાંતિની ભાવના સામેલ હોય છે. જે આધ્યાત્મિક જોડાણ, આત્મ નિરિક્ષણ, આત્મ જાગૃતિની ભાવના જગાડી શકે છે.

કલા જગતમાં, દૃશ્ય કલામાં શાંત રસ, પ્રકૃતિની સુંદરતા, શાંત છબીઓ, પ્રકૃતિનાં દૃશ્યો દ્વારા પ્રદર્શિત થાય છે. જેના દ્વારા ચિંતા, તણાવનો સામનો કરવામાં મદદ મળે છે. સ્વ સાથે જોડાવામાં મદદ મળે છે. જેના દ્વારા સ્વ-ઓળખ, વિશ્વની ઓળખ પ્રસ્થાપિત થાય છે.

ભજન, સૂફી સંગીત શાંતિ અને શાંતિની લાગણીઓને પ્રેરણા આપે છે. ધ્યાન-સાધના, મંડલ અથવા મંત્ર ધ્યાન, વિવિધ કલા-સ્વરૂપોમાં શાંતિ, શાંતિ-સુલેહ અને નિર્મળતાની અભિવ્યક્તિને મંજૂરી આપે છે.

ભક્તિભાવમાં જેમ સમગ્ર શરીર - મન ઈશ્વરમાં ભાવપૂર્ણ રીતે એકાકાર થઈ જાય છે, તેમ પ્રાણાયામ દ્વારા વહેતી પ્રાણ શક્તિ તન-મનની શુધ્ધિ દ્વારા આંતરશક્તિને પ્રભાવિત કરે છે.

ભક્તિભાવ અને આધ્યાત્મનું મિલન જીવનમાં શ્રેષ્ઠ પરિણામો સર્જે છે. નવરસનો સાચો ઉપયોગ સ્વ-કલ્યાણ, કુટુંબ-કલ્યાણ, સમાજ-કલ્યાણ, લોક-કલ્યાણ તથા દેશના કલ્યાણ માટે થવો જોઈએ.


।। શ્રી વલ્લભ ।।

શ્રી SHREEJI AROMA

**પુષ્ટિમાર્ગ સુગંધ ઋતુ પ્રમાણે**

**ઉષ્ણકાલ (માર્ચ થી જુન)**
ગુલાબ, રુહ ગુલાબ, મોગરા, ખસ,
જુઈ, ચંપા સોંધો, બોરસલી, વ્રજસૌરભ

**વર્ષાઋતુ (જુન થી ઓકટોબર)**
કદંબ, કેવડા, પાનડી, માટી, સોંધો

**શીતકાલ (ઓકટોબર થી જાન્યુઆરી)**
હીના, અંબર, કસ્તુરી, કેસર, સોંધો

**ફાગણ (ફેબ્રુઆરી થી માર્ચ)**
કેસર, સોંધો, ગુલાબ, વ્રજસૌરભ

**બારેમાસ ધરવા માટે**
ગુલાબ, મોગરા, સોંધો, વ્રજસૌરભ, બરાસ

**Rohitbhai : 9819627744**
138 ,Princess Street, Govind Building, Mumbai - 400002
Website : www.shreejiaroma.com
Email : info@shreejiaroma.com/sales@shreejiaroma.com

# ધન્ય - તે -રસ

✍ તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

ધન્ય તે રસ, જે ગોપીજન એ પીધો,
ધન્ય તે રસ જે ૮૪-૨૫૨ વૈષ્ણવોએ લીધો.
ધન ગુરુ શ્રી વલ્લભ (મહાપ્રભુજી)
જેમને ષોડશ ગ્રંથનું રસ ગાન કર્યું.
ધન ગુરુ શ્રી વલ્લભ (મહાપ્રભુજી)
જેમને સુબોધનીજીનું રસ પાન કરાવ્યું.
ધન્ય તે રસ, આપે જે સ્વરૂપ રસ સેવાનું દાન દીધું !
ધન ગુરુ શ્રી ગુંસાઈજી
જેમને સર્વોત્તમ રસ ગાન કર્યું.
ધન ગુરુ શ્રી ગુંસાઈજી
જેમને શ્રૃંગાર રસ મંડાનનું રસ પાન કરાવ્યું.
ધન્ય તે રસ, જે શ્રૃંગાર રસ સેવાનું દાન દીધું !
ધન્ય ધન્ય શ્રી હરિરાયજી
જેમને શિક્ષાપત્ર રસ ગાન કર્યું.
ધન્ય ધન્ય શ્રી ગોકુલનાથજી
જેમણે ૮૪-૨૫૨ વાર્તા રસનું પાન કરાવ્યું.
ધન્ય તે રસ, જે કીર્તન રસનું અષ્ટસખા એ દાન દીધું
ધન્ય ધન્ય શ્રી દમલાજી
જેમને શ્રી વલ્લભ મધુર રસ ચાખ્યો
ધન્ય ધન્ય શ્રી રજોબાઈ
જેમને કેવળ શ્રી વલ્લભ રસ માણયો
ધન્ય તે રસ, જેનું સમસ્ત ૮૪-૨૫૨ વૈષ્ણવોએ દાન દીધું
ધન્ય ધન્ય શ્રી અષ્ટસખી
જેમણે નિત્ય મહારાસનું ગાન કર્યું.
ધન્ય ધન્ય શ્રી ગોપીજનો
જેમને નિત્ય મહારાસનું પાન કરાવ્યું
ધન્ય તે રસ, જે રસ પ્રિયા એ પ્રિયતમના નેત્રમાં નિહાળ્યો
ધન્ય ધન્ય શ્રી મૂળ યુગલ રસ
જે સદા ભક્તો ના હૃદયકમળમાં વહેતો
ધન્ય ધન્ય શ્રી મૂળ યુગલ વિરહાત્મક રસ
જે સદા રોમ રોમમાં યમુના બની વહેતો
ધન્ય તે રસ, જે ને ત્રિતયાત્મક સ્વરૂપ રસ માણ્યો
ધન્યે તે રસ, જેને મધુરં અગ્નિ સ્વરૂપ રસ માણ્યો
ધન્ય તે રસ જે સદા ભીતર સ્વરૂપે
મૂળ યુગલ સંગ આંતરરામણ કરી માંણ્યો ૧
આવા રસની પ્યાસી, આવા રાસની દીવાની
જે મહારાસના શ્રમ બિંદુથી યમુનાજીમાં પ્રગટે
તેવા યમુના કમલની દાસી...

# શ્રીકૃષ્ણ: શરણં મમ જપતો જા

સંકલન

શ્રીકૃષ્ણ: શરણં મમ જપતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
અષ્ટાક્ષર મંત્ર તું જપતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
સંસાર સાગર તરવાને કાજે,
સેવા સ્મરણ કરતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
દર્શન કરીને જીવ કથા સાંભળજે,
વૈષ્ણવ મંડળમાં તું બેસતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
ફેર ફેર અવસર નહિ આવે આવો,
સત્સંગ સમાગમ કરજો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
ખાલી આવ્યો ને જીવ ખાલી જવાનો,
ભાતું તું ભક્તિનું ભરતો જા
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
પછી રે જીવ તને પસ્તાવો થાશે,
ગુણ શ્રી વલ્લભના ગાતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
ગુરૂ તે દેવની આજ્ઞામાં રહેજે,
વલ્લભ કુળમાં તું વ્હાલો થા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
કહે રે માધવદાસ ચેતીને ચાલજો,
ફેરો સફળ તારો કરતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
ધરતો જા જીવ ધરતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
શ્રીકૃષ્ણ: શરણં મમ જપતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.
અષ્ટાક્ષર મંત્ર તું જપતો જા,
ધ્યાન શ્રીનાથજીનું ધરતો જા.

# મિત્રતા

✍ પ્રશાંત સુરેશચંદ્ર પરીખ

## મિત્રતાની શક્તિ

મિત્રતા આપણા જીવનમાં સૌથી મહત્વપૂર્ણ સંબંધોમાંનો એક છે, જે સંબધ, ટેકો અને સાથીદારીની ભાવના પ્રદાન કરે છે. તે એક એવું બંધન છે જે વિશ્વાસ, પરસ્પર સમજણ અને સહિયારા અનુભવો પર બનેલું છે. મિત્રો એ એવા લોકો છે જેમની તરફ આપણે જરૂરિયાતના સમયે વળીએ છીએ, જેઓ સાંભળે છે, સલાહ આપે છે અને રડવા માટે ખભા આપે છે. તેઓ એવા લોકો છે જે જીવનની સફરને વધુ આનંદ પ્રદ બનાવે છે, હાસ્ય, સાહસો અને યાદો શેર કરે છે.

## મિત્રતાના પ્રકારો

મિત્રતા વિવિધ સ્વરૂપોમાં આવે છે, દરેકની પોતાની વિશિષ્ટ લાક્ષણિકતાઓ હોય છે. કેટલીક મિત્રતા સહિયારી રૂચિઓ દ્વારા રચાય છે, જેમ કે શોખ અથવા જુસ્સા દ્વારા અન્ય સહિયારા અનુભવો દ્વારા બનાવવામાં આવે છે. જેમ કે કામ, શાળા અથવા મુસાફરી. કેટલીક મિત્રતા ગાઢ અને ઘનિષ્ઠ હોય છે, જ્યારે અન્ય વધુ કેઝ્યુએલ અને સામાજિક હોય છે. પ્રકાર ગમે તે હોય મિત્રતા આપણા ભાવનાત્મક અને માનસિક સુખાકારી માટે જરૂરી છે.

## મિત્રતાના ફાયદા

મિત્રતા આપણા જીવનમાં અસંખ્ય ફાયદા લાવે છે. તેઓ ભાવનાત્મક ટેકો પૂરો પાડે છે, જે આપણને તણાવ, ચિંતા અને હતાશાનો સામનો કરવામાં મદદ કરે છે. મિત્રો વ્યવહારુ સહાય પણ આપી શકે છે, જેમ કે કામકાજમાં મદદ કરવી અથવા નાણાંકીય સહાય પૂરી પાડવી. મિત્રતા આપણા દ્રષ્ટિકોણને પણ વિસ્તૃત કરી શકે છે, આપણને નવા વિચારો, સંસ્કૃતિઓ અને અનુભવોથી પરિચિત કરાવી શકે છે. વધુમાં, મિત્રતા આપણ શારીરિક સ્વાસ્થ્ય ને સુધારી શકે છે. બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા અને તણાવના સ્તરને ઘટાડી શકે છે.

## સારી મિત્રતાની લાક્ષણિકતાઓ

સારી મિત્રતા ઘણી મુખ્ય લાક્ષણિકતાઓ પર બનેલી હોય છે. વિશ્વાસ જરૂરી છે, કારણ કે મિત્રોને વિશ્વાસ હોવો જરૂરી છે કે તેઓ નિર્ણય અથવા વિશ્વાસઘાતના ડર વિના તેમના વિચારો અને લાગણીઓ શેર કરી શકે છે. વાતચીત પણ મહત્વપૂર્ણ છે, કારણ કે મિત્રોને અસરકારક રીતે પોતાને વ્યક્ત કરવા અને સક્રિય રીતે સાંભળવા સક્ષમ બનવાની જરૂર છે. સહાનુભૂતિ અને સમજણ પણ મહત્વપૂર્ણ છે, કારણ કે મિત્રોએ પોતાને એકબીજાના સ્થાને મૂકવા અને ટેકો અને કરુણા આપવા સક્ષમ બનવાની જરૂર છે. છેલ્લે, સારી મિત્રતા માટે પ્રયત્નો અને પ્રતિબદ્ધતાની જરૂર છે, કારણ કે મિત્રોએ તેમના સંબંધને પ્રાથમિકતા આપવાની અને એકબીજા માટે સમય કાઢવાની જરૂર છે.

## મિત્રતાના પડકારો

જ્યારે મિત્રતા આપણા જીવન માટે જરૂરી છે, તે પડકારજનક પણ હોઈ શકે છે. મિત્રતાને પ્રયત્નો અને પ્રતિબદ્ધતાની જરૂર છે, અને તે સંઘર્ષો, ગેરસમજો અને જીવનનાં સંજોગોમાં પરિવર્તનથી પ્રભાવિત થઈ શકે છે. મિત્રો અંતર, વ્યસ્ત સમયપત્રક અથવા રુચિઓમાં તફાવતને કારણે અલગ થઈ શકે છે. વધુમાં, સામાજિક મીડિયા જેવા બાહ્ય પરિબળો દ્વારા મિત્રતા પ્રભાવિત થઈ શકે છે, જે અવાસ્તવિક અપેક્ષાઓ અને તુલનાઓ બનાવી શકે છે.

## મિત્રતાનું પાલન પોષણ

મિત્રતાને પોષણ આપવા માટે, વાતચીત,

સહાનુભૂતિ અને સમજણને પ્રાથમિકતા આપવી જરૂરી છે. મિત્રોએ એકબીજા માટે સમય કાઢવો જોઈએ. પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ અને અનુભવો શેર કરવા જોઈએ જે તેમને આનંદ અને નિકટતા લાવે છે. તેઓએ સહાયક અને સમજદાર બનવાની જરૂર છે, સાંભળનાર કાન અને મદદગાર હાથ આપવાની જરૂર છે. મિત્રોએ માફ કરવા અને આગળ વધવા માટે પણ તૈયાર રહેવાની જરૂર છે, કારણ કે સંઘર્ષો અને ગેરસમજણો અનિવાર્ય છે.

**આપણા જીવન પર મિત્રતાની અસર**

મિત્રતા આપણા જીવન પર ઊંડી અસર કરે છે. આપણા અનુભવો, દ્રષ્ટિકોણ અને ઓળખની ભાવનાને આકાર આપે છે. મિત્રો આપણી પસંદગીઓ, વર્તન અને વલણને પ્રભાવિત કરી શકે છે. માન્યતા અને સમર્થનની ભાવના પ્રદાન કરી શકે છે. મિત્રતા સંબંધ અને જોડાણની ભાવના પણ પ્રદાન કરી શકે છે. આપણને ઓછા એકલતા અને અન્ય લોકો સાથે વધુ જોડાયેલા અનુભવવામાં મદદ કરે છે. વધુમાં, મિત્રતા આપણા જીવનને સમૃદ્ધ બનાવી શકે છે, આનંદ, હાસ્ય અને સાહસનો સ્ત્રોત પ્રદાન કરે છે.

**નિષ્કર્ષ**

નિષ્કર્ષમાં, મિત્રતા આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે ભાવનાત્મક ટેકો, સાથ અને સંબંધની ભાવના પૂરી પાડે છે. વાતચીત, સહાનુભૂતિ અને સમજણની પ્રાથમિકતા આપીને, આપણે આપણી મિત્રતાને પોષી શકીએ છીએ અને મજબૂત, સ્થાયી સંબંધો બનાવી શકીએ છીએ. મિત્રતા માટે પ્રયત્નો અને પ્રતિબદ્ધતાની જરૂર હોય છે, પરંતુ તેના પુરસ્કારો તેના મૂલ્યના છે. જેમ જેમ આપણે જીવનના પડકારો અને તકોનો સામનો કરીએ છીએ, તેમ તેમ મિત્રતા સ્થિરતા, સમર્થન અને આનંદની ભાવના પ્રદાન કરી શકે છે, જે આપણા જીવનને અસંખ્ય રીતે સમૃદ્ધ બનાવે છે.

**મિત્રતાનું ભવિષ્ય**

જેમ જેમ આપણે ભવિષ્ય તરફ જોઈએ છીએ, તેમ તેમ તે સ્પષ્ટ છે કે મિત્રતા આપણા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહેશે. ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના ઉદય સાથે મિત્રતા વધુ જટિલ અને બહુપક્ષીય બની રહી છે. જ્યારે આ વિકાસ જોડાણ અને સંદેશવ્યવહાર માટે નવી તકો લાવે છે, ત્યારે તે પડકારો અને જોખમો પણ રજૂ કરે છે. આ પડકારો સભાન રહીને અને અર્થપૂર્ણ, સામ-સામેના જોડાણોને પ્રાથમિકતા આપીને, આપણે મજબૂત, સ્થાયી મિત્રતા બનાવી શકીએ છીએ. જે આપણા જીવનને સમૃદ્ધ બનાવે છે અને સંબંધ અને સમર્થનની ભાવના પ્રદાન કરે છે.


**SANKALP ASTROLOGIST CONSULTANT**

**શ્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

ટ્રસ્ટી

શ્રી શામળાજી વિષ્ણુ મંદિર (શામળાજી)

જ્યોતિર્વિદ મુંબઈ

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**

**(મૂડેટી – અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જવ્લેશ્વર લેન,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬

**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

**Email : bhattgopal59@gmail.com**

# વિજ્ઞાન અને શ્રધ્ધા

## (શું બ્રહ્માંડ કુદરતની લીલા છે ?)

✍ **કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

આજનો વિજ્ઞાનયુગ ખૂબ પ્રગતિઓ કરી રહ્યો છે. 'વિજ્ઞાન' એટલે પરિણામ અને વિજ્ઞાન ઉપર વિજ્ઞાન' એટલે શ્રધ્ધા. જ્યારે પરિણામ ન હોય ત્યારે શ્રધ્ધા સૌ પ્રથમ જગ્યા લે છે. એટલે કે વિજ્ઞાન બહારની દુનિયા કે જે આપણી આંખે અનુભવી શકીએ છીએ, પરંતુ જ્યારે શ્રધ્ધામાં આંતિરક મનમાં ઉંડુ ઉતરવું પડે છે. તેથી વિજ્ઞાન ઉપરનું વિજ્ઞાન 'શ્રધ્ધા' આગળના પરિણામ માટે ઉપયોગમાં આવે છે. 'શ્રધ્ધા' અને 'અંધશ્રધ્ધા' વચ્ચે આસમાન અને જમીનનો ફરક છે. હજુ સુધી સર્વ બ્રહ્માંડની રચના કોઈ સમજી શક્યું નથી કારણ કે તે અત્યંત વિશાળ અને ગૂઢ છે. જ્યારે વિજ્ઞાનની પ્રગતિ થઈ ન હતી ત્યારે આપણા ઋષિમુનીઓ અંતરયામી અવસ્થામાં જ બ્રહ્માંડને ઓળખવા સમાધી દ્વારા માહિતી પ્રાપ્ત કરતા હતા. વિજ્ઞાનની પ્રગતિએ તેમાં સોનામાં સુગંધનું કામ કર્યું, તે ખૂબ પ્રશંસીય છે.

'શ્રધ્ધા' માનવ જીવનની અમૂલ્ય સંપત્તિ છે.રાઈટ બ્રધર્સએ પંખીઓને ઉડતા જોઈ શ્રધ્ધા રાખી પ્લેનનું સફળ ઉડ્ડયન શોધ્યું. શ્રધ્ધાથી જ બાળકો પાપા પગલી કરતાં શીખ્યા. બુધ્ધિશાળી અને જ્ઞાની વ્યક્તિ પણ 'દવા લેવાથી રોગ મટશે' એ શ્રધ્ધાથી દવા લે છે. આમ 'શ્રધ્ધા' આપણું મનોબળ અને જીવનની નિશ્ચિત દિશા પ્રદાન કરે છે. શ્રધ્ધાવાન મનુષ્ય જીવનની અવસ્થામાં શાંતિ અને સંતોષ અનુભવે છે, અને આત્મામાં શાંતિ અને સંતોષ અનુભવે છે. મીરાબાઈના જીવનમાં અનેક મુશ્કેલીઓ હોવા છતાં, સત્સંગ અને ભક્તિમય જીવનમાં ભગવાનની અતૂટ શ્રધ્ધા ભગવાન માટે હતી. તેથી જ આધ્યાત્મિક જીવનનાં માર્ગથી કોઈપણ પરિસ્થિતી મનુષ્યને વિચલિત કરી શકતી નથી. તેનાં ફળ સ્વરૂપથી પરિસ્થિતીમાં સ્થિર રહી શકાય છે. શ્રધ્ધા આપણા વિચારો, લાગણીઓ અને કર્મમાં સ્થિરતા અને સકારાત્મકતા લાવે છે.

આપણા ગ્રંથો ભક્તિમાર્ગ તરફ દોરીને શ્રધ્ધાથી ભક્તિ તરફ વાળે છે. બીજાથી કૃષ્ણ ન્યારો કેમ ? કે જે નાચે છે, વાંસળી વગાડે છે, રાસ રમે છે અને યુધ્ધ કરી સત્યનો માર્ગ પણ ચીંધે છે. 'ગર્ગ સંહિતા' ના 'કૃષ્ણાષ્ટકમ્' માં ઋષિ ગર્ગ કહે છે કે 'શ્રી કૃષ્ણ' આ જગત માટે ફક્ત ગુરુ જ નથી, પરંતુ પરમ સખા, પરમ પ્રેમી, ઉત્તમ દ્રષ્ટા અને ઉત્તમોત્તમ માર્ગદર્શક પણ છે.

સદ્ગુરુની જ્ઞાન દ્રષ્ટિ મળે એટલે બંને પ્રકારની આંખ મળે છે. એક જ્ઞાન રૂપે અને બીજી વૈરાગની એ આંખો સદ્ગુરુથી પ્રાપ્ત થાય છે. જે દિવ્યચક્ષુનું પ્રતિક થઈ જાય છે. આધ્યાત્મિક જગતનાં આ બંન્ને થાંભલા છે. - જ્ઞાન અને વૈરાગ્ય. (Attachment to Detechment)

સંસારમાં સુખ અને દુઃખ બન્ને છે, પણ સદ્ગુરુથી જ્ઞાન દ્રષ્ટિ મળી જાય તો સંસારનું કોઈ દુઃખ મહેસૂસ નથી થતું કારણ કે મનુષ્ય જન્મ આનંદ માટે મળ્યો છે, જેમાં આપણે આપણાં જ કર્મોનાં પોટલા છોડવા અમૂલ્ય જન્મ મળ્યો છે. નવાં બાંધવા કે છોડવા એ આપણાં ઉપર નિર્ભર છે. 'બડે ભાગ્ય મનુષ્ય તન પાયો.'

કહેવાય છે કે બ્રહ્માંડ શિવશક્તિની લીલા છે. બ્રહ્માંડની રચના અને મનુષ્યની રચનામાં બે જ શક્તિ (Energy) છે. 'સકારાત્મક' અને 'નકારાત્મક' એટલે કે 'દિવ્ય શક્તિ' અને 'દાવન શક્તિ' તમે બંન્ને શક્તિઓમાંથી કોઈપણ શક્તિ મેળવી શકો છો. કારણકે તે મરતી નથી. એકબીજાને બદલી શકો છો.

બ્રહ્માંડમાં પાંચ તત્વ છે. તેમજ આપણાં શરીરમાં પણ પાંચ તત્વો છે. જેને આપણે કુંડલિની શક્તિ કહીએ છીએ.

જ્યાં સુધી કુંડલિની સુષુપ્ત અવસ્થામાં હોય છે, ત્યાં સુધી આ શક્તિઓ અનભિવ્યક્ત રહે છે. પરંતુ જ્યારે કુંડલિની શક્તિ જાગૃત થઈ ઊર્ધ્વમુખી બને છે, ત્યારે સાધક આધ્યાત્મિક વિકાસ સાથે શક્તિઓનું મહાદ્વાર ખૂલી જાય છે. તેને કુંડલિની શક્તિ કહેવાય છે. આ પણ શ્રધ્ધાનો વિષય છે. જેમ કે આપણે પુષ્ટિમાર્ગમાં આપણું સર્વસ્વ પ્રભુના શરણોમાં ન્યોછાવર કરી સમર્પિત ઉચ્ચ ભાવનાથી કરીએ છીએ. જેમાં મન, શરીર અને આત્મા શુધ્ધિકરણ કરી નિઃસ્વાર્થ ભાવનાથી સોંપીએ છીએ. જેને આ જીવનને `Art of Dyeing' તરીકે અપનાવે છે. જીવનને `Art of Living' ના જ્ઞાનથી જીવી અને `Art of Dyeing' ને અનુસરીને જીવવાની શૈલી એ ખૂબ ઉત્તમ અને અનુસરવાની મઝા માણવી એટલે 'જીંદગી' એટલે 'આનંદ' છે.

**સંક્ષિપ્તમાં કુંડલિની ને આપણાં શરીરમાં જે ચક્રો છે.**

| | | |
|---|---|---|
| મુલાધાર ચક્ર | અર્થ તત્વ | તમોગુણ |
| સ્વાધિષ્ઠાન ચક્ર | પાણી તત્વ | તમોગુણ |
| મણિપુર ચક્ર | અગ્નિ તત્વ | રજોગુણ |
| અનાહત્ ચક્ર | વાયુ તત્વ | રજોગુણ |
| વિશુધ્ધિ ચક્ર | આકાશ તત્વ | સત્વ ગુણ |
| આજ્ઞા ચક્ર | ગુરુતત્વ | સત્વગુણ |
| સહસ્ત્રધાર ચક્ર | પરમતત્વ | ગુણાતીત |

ત્રણ નાડીઓ (૧) ઈડા (ડાબીબાજુ), પિંગળા (જમણીબાજુ), સુષુમ્ણા આ ત્રણે નાડીઓ ચક્રોને ભેદીને પરસ્પર જોડાયેલી છે અને આ સાધનાથી શ્રધ્ધા સાથે જ માણી શકાય છે.

આ લેખને શ્રધ્ધાથી લખ્યો છે, કારણ કે જાતે અનુભવીને જીંદગીનો આનંદ માણ્યો છે અને આજના કળિયુગમાં સમય બળવાન છે, કોઈ મનુષ્ય બળવાન નથી. એ ખાસ તો યુવાવર્ગ માટે જરૂરી છે.



## ડ્રાયફ્રુટ્સ એ આરોગ્યનો ખજાનો....

✍ નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

શિયાળાની ઋતુમાં ડ્રાયફ્રુટ્સનું સેવન કરવાથી અઘધ ફાયદા થતાં હોય છે. શિયાળાની ઋતુ શરૂ થતાં જ વાઈરલ ઈન્ફેકશન, ઉધરસ, શરદી, તાવ જેવી અનેક સમસ્યાઓ થાય છે. આ ઉપરાંત શિયાળામાં ચર્મ રોગ અને હાડકાં સંબંધિત રોગોમાં પણ વધારો થઈ જાય છે.


શિયાળામાં તંદુરસ્ત રહેવા માટે સારા ખાનપાનની આદત રાખવી જોઈએ. જ્યારે હેલ્થની વાત આવે, ત્યારે ડ્રાયફ્રુટ્સનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. ડ્રાયફ્રુટ્સના સેવનથી શરીરને અનેક ફાયદા થાય છે. આ કારણોસર ડ્રાયફ્રુટ્સને આરોગ્યનો ખજાનો કહેવામાં આવે છે. શિયાળામાં કાજુ, બદામ, અખરોટ તેમજ પિસ્તાનું સેવન અવશ્ય કરવામાં આવે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં શરીર માટે ખૂબ ફાયદાકારક ગણાતા ડ્રાયફ્રુટ્સનો ડાયટમાં સમાવેશ અવશ્ય કરવો જોઈએ.

**કાજુ :** કાજુ સૌના પ્રિય હોય છે. સૂકા મેવામાં કાજુ સૌથી વધુ ખાવામાં આવે છે. કાજુમાં વિટામિન E અને વિટામિન B6 પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે, અને તેના સેવનથી શરીર ગરમ રહે છે. બ્લડ સરક્યુલેશનને વેગ મળે છે. કાજુ કોલેસ્ટ્રોલને પણ નિયંત્રિત કરે છે અને હૃદયની તંદુરસ્તી પણ સુધારે છે. કાજુમાં રહેલું મેગ્નેશિયમ હૃદય રોગને દૂર કરવામાં કારગર સાબિત થાય છે. પ્રમાણમાં મેગ્નેશિયમનું સેવન કરવાથી હૃદયરોગનો ખતરો ઓછો થાય છે.

**બદામ :** બદામમાં શૂન્ય કોલોસ્ટ્રોલ હોવાનું જાણવા મળે છે. તેમાં ફાઈબર, પ્રોટીન, વિટામીન E, મેગ્નેશિયમ, કેલ્શિયમ, ગુડ કોલેસ્ટ્રોલ જેવા ઘણા પોષક તત્વો હોય છે. જે હાડકાં અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં ખૂબ મદદરૂપ થાય છે. બદામ એન્ટિઓક્સિડન્ટ ગુણધર્મો થી ભરપૂર છે અને ખરાબ કોલોસ્ટ્રોલને બનતા અટકાવે છે. આ સિવાય તે હૃદય, દાંત અને ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે.

**અખરોટ :** અખરોટ પોષક તત્વોથી ભરપૂર ડ્રાયફ્રુટ્સ છે. તેમાં ઓમેગા-૩ ફેટી એસિડ, ડાયેટરી ફાઈબર, પ્રોટીન અને વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટી ઓક્સિડેન્ટ હોય છે. ઉપરાંત અખરોટનું સેવન હૃદય અને મગજના સ્વાસ્થ્ય માટે વધુ સારું માનવામાં આવે છે. તેનાથી મગજને તાકાત મળે છે અને શારીરિક નબળાઈ ઝડપથી દૂર થાય છે.

**પિસ્તા :** પિસ્તા હૃદયની સમસ્યા, મગજની સમસ્યા, વાળ ખરવાની સમસ્યા કે મેદસ્વિતા જેવી તમામ સમસ્યાઓમાં કારગર છે. પિસ્તાનું સેવન શિયાળામાં તમારા શરીરને અંદરથી ગરમ રાખવામાં મદદ કરે છે. આ ઉપરાંત, તેમાં મળતા ફેટી એસિડ, વિટામિન્સ અને મિનરલ્સ પણ એનર્જી આપે છે.




# HAST MELAPP GARMENTS

**YOUR ONE-STOP ETHNIC WEAR DESTINATION FOR FAMILIES**

**બાલાસિનોર નિવાસી, હેમંત યોગેશચંદ્ર શાહની પુત્રી, હિરલ કૌશલ લીમ્બચિયાએ તેમના સ્ટાર્ટઅપની સફરના 3½ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા!**

Target Mall, Ground Floor Shop Number 4,5,7,8, First Floor Shop Number 3,4,5,6,7,8, Opposite Raj Mahal Hotel, Chandavarkar Road, Borivali West, Mumbai:400092. Mob No. +91 9167837851.

## WE PROUDLY SHARE OUR ASSOCIATION AND PARTICIPATION WITH RENOWNED PERSONALITIES



AISHWARYA MAJMUDAR - GARBA PRINCESS



BJP MLA - SHRI SUNIL RANE



KINJAL DAVE - GARBA QUEEN

## આપણા બાલાસિનોર અને માનવંતા ગ્રાહકો માટે!

**BUY 1 GET 1 FREE**

ON DGITAL KURTAS



NILESH THAKKAR-KING OF RAAS GARBA



ATHARVA FOUNDATION PRESIDENT & MLA SUNIL RANE- KHADI MOHTSAV

**FLAT 30% OFF UPTO 50% OFF**

T&C

CELEBRATE YOUR TRADITION IN EVERY STYLE—PARTY, CASUAL, OR FESTIVE WEAR! Hastmelapp


HAST MELAPP GARMENTS
Our latest men's ethnic wear collection has just arrived
Get Ready-to-wear outfits for her from Kurtis, Indowestern, gaghra choli, blouses, dresses and more
Make new ensembles from your old sarees
mens ethnic wedding wear
Get bespoke stitching in pure fabrics and linen for a signature fit
Hastmelapp

ESSEN
ELECTRICAL
ENTERPRISE

SCAME

legrand

OBO

MK
by Honeywell

RR KABEL

APAR

# રંગોળી







# શિંગોડા

✍ તંત્રી મંડળ તરફથી

તમે કાળા રંગના શિંગોડા (CHESTNUT) તો ખાધા જ હશે ? આયુર્વેદ અનુસાર શિંગોડા ઉપયોગી ફળ છે. વિવિધ ભાષાઓમાં તેના નામ આ પ્રમાણે છે સંસ્કૃત श्रुंगाहक કે जलफल : हिन्दी - सिंघाडा, મરાઠી - शिंघाडा, કર્ણાટકી - शिंघाडे, ફારસી - सुरंजान, અંગ્રેજી Water Chest Nut.

નવરાત્રિ શરૂ થતાં જ શિંગોડાની માગ વધી જાય છે. વ્રતધારી શિંગોડાનું સેવન કરવાની સાથે તેના લોટથી બનતી અનેક વાનગીઓને આરોગવામાં આવે છે. શિંગોડામાં પ્રોટીન, શર્કરા, કેલ્શિયમ, ફોસફરસ, મેંગેનીઝ, પોટેશિયમ, વિટામીન-સી, ઝિંક, કોપર અને આયરનથી ભરપુર હોય છે.



શિંગોડા તળાવમાં થતું ફળ છે. પાણીમાં તેના લાંબા વેલા થાય છે. તેને કારેલીનાં જેવાં પાન અને આકાર ત્રિકોણ જેવો હોય છે. ભાદરવા માસ સુધી જે તળાવમાં પાણી ભરાઈ રહેતું હોય તેમાં તેની રોપણી હોળી પછી કરાય છે. ભાદરવા સુધી શિંગોડાનાં ફળને પાણીમાં પાકવા દેવામાં આવે છે. આસો માસ આવતાં ભોઈ, કહાર કે બાથમ જ્ઞાતિનાં લોકો એ ફળો પાણીમાંથી બહાર કાઢી, તેને હીરાકસીવાળા પાણીમાં રાખી, ફળ ઉપરની સખત છાલને કાળા કોલસા જેવી રંગી નાખે છે. પછી તે ફળને ગરમ પાણીમાં બાફીને ખાવાલાયક બનાવાય છે. ત્રિકોણ આકારનાં ફળને સૂડીથી વચ્ચેથી થોડું કટ આપીને, તેને દેખાવે સારા કરી બજારમાં વેચાય છે. આવ ફળ તાજાં જ ખવાય છે. આસોથી માગશર માસ સુધી તેની સિઝન ચાલે છે. તેની બે જાતો થાય છે, કાંટાવાળાં તથા બોડાં (કાંટા વગરનાં).

શિંગોડા માત્ર શિયાળાના ૩ માસ દરમિયાન જ મળે છે. આ ફળ ગુણમાં ખૂબ શીતળ હોય છે. તાજાં (બાફેલાં) ફળ લોકો પ્રેમથી ખાય છે. આ ફળના ગરને ઉપરનાં કઠણ કોચલામાંથી બહાર કાઢી સૂકવીને તેનો લોટ કરાય છે. શિંગોડાંનો લોટ ફરાળી વાનગીઓ બનાવવા માટે ખાસ વપરાય છે.

આયુર્વેદ મુજબ શિંગોડાનાં ફળ સ્વાદે તૂરા, થોડાં વાતલ, શીતલ, પચવામાં ભારે, રુચિપ્રદ, કફકર્તા, અતિવૃષ્ય (વીર્ય-વર્ધક), ઝાડો બાંધનાર તેમજ શિંગોડા પિત્તદોષ, દાહ, ગરમી (પિત્તજ), પ્રમેહ, ચક્કર, રક્તદોષ, સોજો, સંતાપ, રક્તસ્ત્રાવ, સગર્ભાનો રક્તસ્ત્રાવ, અતિઆર્તવ અને રતવાનો નાશ કરનાર છે. તે સ્ત્રીનાં ધાવણમાં વધારો કરે છે તથા શ્વેતપ્રદર મટાડે છે.

**શિંગોડાનો ઔષધિ પ્રયોગો નીચે મુજબ છે.**

(૧) રક્તપ્રદર, વાંધુ કે લોહીવા : શિંગોડાના લોટમાં સમભાગે કમળકાકડી તથા જેઠી મધનું ચૂર્ણ મેળવી રોજ દૂધ, પાણી કે ઘી-સાકરમાં બે વાર લેવાય છે. (૨) સગર્ભાના રક્તસ્ત્રાવમાં - શિંગોડાના લોટમાં જવનો લોટ ભેળવી, તેની ખાંડવાળી રાબ બનાવી રોજ બે-ત્રણવાર સગર્ભાને અપાય છે. (૩) માતાના ધાવણને વધારવા - શિંગોડાના લોટ, કમળકાકડી, જેઠીમધ, ડોડી (જીવંતી) તથા જીરું સમભાગે લઈ, તેનું ચૂર્ણ કરી, દૂધમાં રોજ લેવાય છે (૪) છોડ કે મૂઢગર્ભવિકાસ માટે - શિંગોડાના તથા કચરા (કચૂરક, ગુડકુંદ) નાં મૂળના લોટની લાપસી કે ઘી માં શીરો કરી સ્ત્રીને રોજ ખવરાવવાથી ગર્ભ પોષાય છે.

આતિથ્ય

## ફરાળી હાંડવો

✍ સુધા-રાજેશ


**સામગ્રી :** બટાકાની છીણ એક કપ, પલાળેલા સાબુદાણા, રાજગરો અડધો કપ, શિંગોડાનો લોટ અડધો કપ, સિંગદાણાનો ભૂકો ૨ ચમચી, ૧ ચમચી દહીં, ખાંડ, આદુ-મરચાની પેસ્ટ ૧ ચમચી, લાલ મરચું, અડધી ચમચી તજ-લવિંગનો ભૂકો, સ્વાદનુસાર મીઠું.

**રીત :** ઉપરની બધી સામગ્રી મિક્ષ કરી પાણી થી જાડું ખીરું રાખવું. હવે ગેસ પર કઢાઈ મૂકી ૨ ચમચી તેલ નાખી જીરું નાખવું. ૧ ચમચી તલ નાખવા, લીમડો નાખવો, પછી બનાવેલું ખીરું પુડલા જેટલું પાથરવું, ધીમો ગેસ રાખવો. ડીશ ઢાંકી દેવી. પાંચ મિનીટ રાખવું. પછી પલટાવી ને પાંચ મિનીટ રાખવું. પૂડા જેવો હાંડવો થશે.


## મોરૈયાના દહીંવડા

**સામગ્રી :** ૧૦૦ ગ્રામ બાફેલો મોરૈયો, ૩ ચમચી શિંગોડાનો લોટ, ગ્રીન ચટણી, ખજુર-આંબલીની ચટણી, મસાલાવાળું દહીં.

**રીત :** બાફેલો મોરૈયો લઈ તેમાં શિંગોડાનો લોટ ઉમેરી મિક્ષ કરી તેના ગોળા વાળવા. તેલમાં ચમચાથી લઈ તળી લેવા. પ્લેટમાં ઠંડા કરવા, પછી સહેજ દબાવવા. પછી તેમાં ગ્રીન ચટણી (સિંગ, કોથમીર, લીલા મરચા, લીંબુ અને ખાંડ) નાખવી. તેના પર ખજુર-આંબલીની ચટણી નાખવી. પછી તેમાં મસાલા દહીં (મીઠું-મરચું-ખાંડ) નાખવું. કોથમીર નાખી સર્વ કરવું.




।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર

: ઘરનું સરનામું :

૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



।। જય શ્રી કૃષ્ણ ।।

રાધે રાધે







સ્વર ને સંગીતનો અનેરો સંગમ

**શુભારંભ**

સંગીત ગ્રુપ

દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા

બર્થડે-પાર્ટી , એનિવર્સરી, જુનાગીતો

ટ્રેકશો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા

સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા

9821172223 / 9221318333

No Network Pls Call On Whatsaap

## વર્ષા ગીત

સંકલન

તને કેટલીયે વાર - ૨
કહી કહીને થાકી વર્ષા,
તને વરસતા ન આવડ્યું હજી.૨
ક્યારેક તું ઝીણા ઝીણા છાંટણા કરે,
ક્યારેક તું નાના મોટા ફોરા કરે,
ક્યારેક તું ધોધમાર વરસ્યા કરે,
ને ક્યારેક તું સમુળગી ન વરસ્યા કરે.
તને કેટલીયે વાર...
ક્યારેક તું આવે વ્હેલી દોડી દોડી
ને ક્યારેક તું આવી મોડી મોડી
કાં તો રિસાઈ જાય ને આવે ન કદી
આવું તે કાંઈ થાય ? તને કેટલીયે વાર
ક્યારેક તું આવે છાની માની
તડકાની સાથે ઉઘાડી ઉઘાડી
ક્યારેક તું આવે ગાજવીજ સાથે
કડાકા ભડાકા કરતી નાચતી ગાતી
તને કેટલીયે વાર કહી કહીને થાકી વર્ષા
તને વરસતા ન આવડ્યું હજી

## વાગ્યો રે ઢોલ

વાગ્યો રે ઢોલ ભાઈ, વાગ્યો રે ઢોલ
મારા મીઠાના રણમાં વાગ્યો રે ઢોલ
પહોળું થયું રે પછી પહોળું થયું,
એક સજ્જડ-બમ્મ પાંજરું પહોળું થયું
ઝાલી મને કે, મેં જ ઝાલી મને,
જરી ઉડવા દીધી ને જરી ઝાલી મને,
હાંફી ગઈ રે, હું તો હાંફી ગઈ
સહેજ અમથા હરખમાં હાંફી ગઈ
ઉંઘી જ નહી તોયે ઉંઘી જ નહિ
ઉંઘી જ નહી તોયે ઉંઘી જ નહિ
થોડા સપના જોવાને હાટું, ઉંઘી જ નહિ
હવે કાળો ટીકો એક કાળો ટીકો,
મારા ઓરતાના ગાલ પર કાળો ટીકો
વાગ્યો રે ઢોલ ભાઈ, વાગ્યો રે ઢોલ
મારા મીઠાના રણમાં વાગ્યો રે ઢોલ
પહોળું થયું રે પછી પહોળું થયું,
એક સજ્જડ-બમ્મ પાંજરું પહોળું થયું

Thrive Acupuncture Center

Acupuncture Therapy
Dry Cupping Therapy
Wet Cupping Therapy
Fire Cupping Therapy
Marma Therapy
Yoga Therapy
Reiki Healing
Akashic Records Healing

| | | | |
|---|---|---|---|
| Acne/Pimple | Knee Pain | Hiccups | Greying Hair |
| Hair Fall/Loss | Low Back Pain | Constipation | Male Infertility |
| Hives | Cholestrol | Sleep Disorder | Female Infertility |
| Eczema | Acidity | Vision problems | Cancer Support |
| Psoarisis | Heart | Swelling | |
| Itching | Palpitations | PCOS/PCOD | |
| Frozen | Anxiety | Varicose Veins | |
| Shoulder | Depression | | |

Cosmetic Acupuncture - Skin/Hair/ Weight Loss

Visshad Wagghelaa - +91 9004611453
Lic.Acupuncture Therapist - Mah. Govt Council
Address : Shop no.2, Panchsheel Residency, Mahavir Nagar, Kandivali - West, Mumbai - 400067,
Landmark : Opp Radhe Dhokla and Close to Kandivali West Metro Station.


દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)
(જ્યોતિર્વિદ-મુંબઈ)
Sankalp Astrologist & Palmist
તથા
જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.
મો. - ૯૫૯૪૩૨૬૨૦૨

# સફરજ, બીટ અને ગાજરનો રસ તંદુરસ્તીની ચાવી

✍ ડૉ. રીટા ગાંધી

સફરજ, બીટ અને ગાજરનો રસ પીવાના ૫ ફાયદા - સ્વાસ્થ્ય અને ત્વચાની સમસ્યાઓને અલવિદા કહો.

આજના સમયમાં, તાજા તૈયાર કરેલા ફળો અને શાકભાજીના રસ સારા સ્વાસ્થ્ય જાળવવા માટે શ્રેષ્ઠ વિકલ્પોમાંથી એક છે. આ રસ માત્ર સ્વાદિષ્ટ જ નથી પણ વિટામિન, ખનિજો અને એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર છે. જે બહુવિધ સ્વાસ્થ્ય લાભો પૂરા પાડે છે. સફરજન, બીટ અને ગાજરનો રસ એક એવું જ ખૂબ જ પૌષ્ટિક પીણું ચે, જેને ABC જ્યુસ તરીકે ઓળખવામાં આવે છે. એક સાથે આ ત્રણ ઘટકો ઊર્જા, તાજગી અને વિવિધ રોગો સામે રક્ષણ પૂરું પાડે છે. આ રસનું નિયમિત સેવન પાચન સુધારવાથી લઈને વજન ઘટાડવા સુધીની ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરી શકે છે.




### પાચનતંત્રને સ્વસ્થ રાખે છે.

સફરજન, બીટ અને ગાજરનો રસ પાચનતંત્રને મજબૂત બનાવે છે. તે ફાઈબરથી ભરપૂર છે, જે આંતરડાને સાફ કરવામાં મદદ કરે છે અને કબજિયાતમાં રાહત આપે છે અને પાચનમાં સુધારો કરે છે.

### બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે

સરફજન, બીટ અને ગાજરનો રસ પીવાથી હાઈ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે. બીટમાં નાઈટ્રેટ હોય છે, જે રક્તવાહિનીઓને આરામ આપે છે અને રક્ત પરિભ્રમણને સુધારે છે. આ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે અને હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે, સાથે સાથે હૃદયના રોગોનું જોખમ પણ ઘટાડે છે.

વજન ઘટાડવામાં મદદ કરે છે.

સફરજન, બીટ અને ગાજરના રસનું નિયમિત સેવન વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. તેમાં કેલરી ઓછી હોય છે અને ફાઈબર વધુ હોય છે, જે લાંબા સમય સુધી પેટ ભરેલું રાખે છે. આ વધુ પડતું ખાવાનું અટકાવે છે. આ રસ ચયાપચયને પણ વેગ આપે છે, જેનાથી વજનનું સંચાલન સરળ બને છે.

### ત્વચાની ચમક વધે છે

આ રસ ત્વચાને સ્વસ્થ અને ચમકદાર બનાવે છે. તે વિટામિનાસી અને એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર છે, જે ત્વચાને કાલાકલ્પ કરે છે. તે ત્વચાને હાઈડ્રેટેડ રાખે છે, કરચલીઓ ઘટાડવામાં મદદ કરે છે અને નિયમિત ઉપયોગથી ચહેરા પર કુદરતી ચમક લાવે છે.

એનિમિયા સામે લડવામાં મદદ કરે છે.

સફરજન, બીટ અને ગાજરનો રસ એનિમિયામાં ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તે આયર્નથી ભરપૂર છે, જે શરીરમાં હિમોગ્લોબિનનું સ્તર વધારવામાં મદદ કરે છે. તે લોહીનું સ્વાસ્થ્ય સુધારે છે અને શરીરને ઉર્જા પૂરી પાડે છે.

### સફરજન, બીટ અને ગાજરનો રસ કેવી રીતે બનાવવો

સફરજન, બીટ અને ગાજરને ધોઈને નાના ટુકડાઓમાં કાપી લો. તેમને બ્લેન્ડરમાં સારી રીતે ભેળવી દો. આ રસને એક ગ્લાસમાં ગાળી લો અને તાજો પીવો. દરરોજ ખાલી પેટે તેનું સેવન કરવાથી મહત્તમ સ્વાસ્થ્ય લાભ મળે છે.

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯-૯-૨૦૨૫ ને સોમવારે સાંજે ૬.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) સભાગૃહ, પ્રગતિ સમાજ કાર્યાલય, મુંબઈ - ૪૦૦૦૦૨ ખાતે મળશે.

સૌ સભ્યોની જાણકારી માટે.

**શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત**

શ્રીમતી કમળા બાળ મંદિર સ્કૂલમાં અદ્યતન પ્રાર્થના ખંડ બનાવવાની તૈયારી મંડળે કરેલ છે. આ માટે અમોને એક દાતા તરફથી રૂપિયા પાંચ લાખ પૂરાનું વચન પ્રાપ્ત થયું છે.

આ વર્ષે શાળા સમિતીના સભ્યો, બધી સ્કૂલનાં પ્રિન્સીપાલ તથા શિક્ષકોની એક બેઠક બાલાસિનોર ખાતે કરવામાં આવી હતી. જેમાં સ્કૂલનાં પરિણામો અંગે ચર્ચા વિચારણા કરી હતી.

**મંત્રી - શ્રી જતીન ન. દેસાઈ** **પ્રમુખ - શ્રી રંજન ઓ. પરીખ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## મળેલા દાનની યાદી

૧. રમેશચંદ્ર ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા) હસ્તે - સ્મૃતી નિશીથ શાહ રૂા. ૨૫,૦૦૦/-

૨. નિશા હર્ષદકુમાર કડકીઆ રૂા. ૩૫,૫૭૬/-

૩. ઈન્દુબેન સુરેન્દ્ર સાંકરલાલ પરીખ (ચા ગરમ)
હસ્તે - મીનલ નિતીન સુ. પરીખ તથા નિધી રિતીક પરીખ રૂા. ૪,૦૦,૦૦૦/-

**મંત્રી - શ્રી સમીર શાહ, શ્રી જસ્મીન શેઠ, શ્રી સમીર ધારીઆ**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ હોસ્પિટલ, ટ્રસ્ટ તથા બાલાસિનોર સેવા સમાજ

ઉપરોક્ત ટ્રસ્ટ તથા સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૯-૨૦૨૫ શુક્રવારે સાંજે ૬.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) સભાગૃહ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય, મુંબઈ - ૪૦૦૦૦૨ મુકામે મળશે.

સૌ સભ્યોને હાજર રહેવા વિનંતી. **મંત્રી - શ્રી પરેશ પરીખ, શ્રી જતીન દેસાઈ**

# શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર

દ્વારા આયોજીત

## ફગવા પાટોત્સવનું ભાવભીનું નિમંત્રણ

શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર દ્વારા સર્વ વૈષ્ણવોને જણાવવાનું કે **સંવત ૨૦૮૨ ના કારતક સુદ-૩, શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૦૨૫** ના રોજ ફગવા પાટોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે.
આ પાવન અવસરે, સવારે ૧૦ વાગે મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળશે,
જેમાં ઠાકોરજી સ્વયં ફગવે પધારશે. ત્યાં, ફગવા પાટોત્સવની ભવ્ય ઉજવણી થશે.

**આ ઉત્સવ દરમિયાન નીચે મુજબના કાર્યક્રમો થશે.**

- **કેસર સ્નાન દર્શન : ઠાકોરજીના કેસર સ્નાનના અલૌકિક દર્શનનો લાભ મળશે.**
- **રાજભોગ : બપોરે ૧.૦૦ વાગે રાજભોગ થશે.**
- **પ્રસાદ : સર્વ કંઠીધારી વૈષ્ણવોને પ્રસાદ લેવા માટે ભાવભીનું નિમંત્રણ છે.**
- **શોભાયાત્રા : સાંજે ઠાકોરજી શોભાયાત્રા સાથે નિજમંદિરે પરત પધારશે.**

આ ઉત્સવના મનોરથી **શ્રી કૌશિકભાઈ શાન્તિલાલ શાહ (ચોકસી)** પરિવારના જે જે શ્રી ગોકુલેશ
આ ધાર્મિક પ્રસંગે પધારીને સૌ વૈષ્ણવોને દર્શન અને પ્રસાદનો લાભ લેવા નમ્ર વિનંતી.

**આયોજક :**

**શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર**

**20 % DISCOUNT**

**DR. SPINA MEHTA CHOKSI**

# THE DENTAL BAY

*For a Lifetime of Smiles*

**Our services :**

- Implant
- Root Canal Treatment
- Smile Designing / Cosmetic Dentistry
- Teeth Whitening
- Child Dental Care
- Orthodontic Braces - Invisalign
- Wisdom Tooth Extraction
- Full Mouth Rehabilitation

**Number : 9819611045 / 9833250129**

***Shifted To***

102, First Floor, Doctor Centre, Above Litolier Floorings, Kempscorner, Mumbai - 400036

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

મંડળ દ્વારા રજુ કરાયેલ વિવિધ નવો શૈક્ષણિક યોજનાઓને સમાજના દરિયાદિલ દાતાશ્રીઓ તરફથી નક્કર પ્રતિસાદ સાંપડયો છે.

ઉપરોક્ત મંડળની નીચે જણાવેલ શૈક્ષણિક યોજનાઓ માટે દાતાશ્રીઓની આવશ્યકતા છે.

| S.No. | Name of Scheme | Amount |
|---|---|---|
| 01. | Education Scheme for Hospitality Courses | 15,00,000/- or More |
| 02. | Master's Degree Course Scheme (Other than Medical) | 11,000/- |

વધતી જતી સ્કૂલ, કોલેજો તથા કોચીંગ ક્લાસોની ફી ઓ ને લીધે ઉપરોક્ત મંડળ, વધતી જતી શૈક્ષણિક સહાયની માંગોને પહોંચી વળવા અશક્ષમ હોવાથી મંડળને અવારનવાર શૈક્ષણિક યોજનાઓ માટે પુરસ્કૃત દાતાશ્રીઓની અછત વર્તાય છે. આપણા સમાજની યુવા પેઢીના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની ઉમદા તક. આ પૈકી કોઈપણ એક શૈક્ષણિક યોજનાને અપનાવી આપશ્રી આ નેક કાર્યમાં સહભાગી થઈ શકો છો. આપ સૌના સાથ અને સહકારની અપેક્ષા રાખીએ છીએ.

## અનુકરણીય દાન / વચન

સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| ક્રમ | નામ | રકમ |
|---|---|---|
| ૦૧ | શ્રીમતી જીજ્ઞા વિનીત પરીખ હસ્તે - સમિત વિનીત પરીખ | ૫૦,૦૦૦/- |


સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતી વતી**

**જસ્મિન બીપીન શેઠ, ધર્મેશ જયંતીલાલ શાહ -માનદ્ મંત્રીઓ**





# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને દાતા પરિવાર તરફથી નીચે જણાવ્યા પ્રમાણે માતબર દાન મળ્યું છે.

૧. શ્રી સુરેન્દ્રભાઈ ચીમનલાલ પરીખ (જાડા) પરિવાર તરફથી રૂા. ૫૧,૦૦૦/- (અંકે એકાવન હજાર પુરા) નું માતબર દાન મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

## આભાર દર્શન

શુક્રવાર, ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ બાલાસિનોર વિદ્યામંડળના પ્રમુખશ્રી મણીકાંતભાઈ સી. કડકીઆની અધ્યક્ષતા હેઠળ સામાન્ય સભા યોજાઈ. જેમાં કાર્યસૂચી મુજબ સંપૂર્ણ કાર્યવાહી સંપન્ન થઈ, અને અધ્યક્ષશ્રી એ સૌનો આભાર માની સભા પૂર્ણ જાહેર કરી.

લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી


NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

(ગતાંકમાં સુધારો)

### બાલાસિનોરમાં દિવાળી પ્રસંગે જમણવાર

સહર્ષ આનંદ સાથે જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે માદરે વતન વાડસોલ ખાતે દિવાળી પર્વ દરમ્યાન શનિવાર, તા.૧૮-૧૦-૨૦૨૫ 'વાઘબારસ' થી ગુરુવાર, તા. ૨૩-૧૦-૨૦૨૫ 'ભાઈબીજ' (છ દિવસ) સુધી સવારે અને સાંજના ભોજનની વ્યવસ્થા વણિક વાડીમાં રાખવામાં આવી છે. એક વ્યક્તિ દીઠ એક દિવસના બે ટાઈમના મળીને જમવાના રૂપિયા ૨૦૦/- રાખેલ છે. દિવાળીમાં આવનાર સર્વ પરિવારજનોએ આનો લાભ લેવા વિનંતી.

વધુ વિગત માટે નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક કરવો.

શ્રી લલીતભાઈ - ૯૮૨૦૦૭૩૩૦૩
શ્રી કેદાર ગાંધી - ૯૮૨૧૬૮૪૭૭૨
શ્રી સુધીરભાઈ - ૯૩૭૨૪૩૬૫૯૪
શ્રી મનોજભાઈ - ૯૮૨૦૪૩૯૧૩૪

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

## બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે ઓગસ્ટ- ૨૦૨૫ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.

| | | | (લાભાર્થી) |
|---|---|---|---|
| ૧. | શાંતાબેન અને કાંતીલાલ લાલચંદ દોશી | મેડીસીન વિભાગ | ૫૮૮૬ |
| ૨. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૬૨૬ |
| ૩. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ | ૪૮૮ |
| ૪. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૬૧૭ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૧૦૧ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝિયોથેરાપી વિભાગ | ૪૮૬ |
| ૭. | શ્રી પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૧૩૪ |
| ૮. | શ્રીમતી ઈચ્છાબેન ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | ૩૦૩ |

**મળીને કુલ ૪૭૫૫ દર્દીઓએ ઓ.પી.ડી. માં લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ | એક્સરે વિભાગ | ૫૩૧ |
| ૧૦. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૧૫૯ |
| ૧૧. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૪૬૯ |
| ૧૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ ડ્રેસીંગ | ૧૭૨ |
| ૧૩. | શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગરશેઠ) | ઈન્ડોર વિભાગ | ૧૧૭૨ |

તેમજ સર્જનના ૧૦ મેજર ઓપરેશન તથા ૧૧ માઇનોર ઓપરેશન અને ગાયનેકના મેજર ઓપરેશન ૧૪, માયનોર ૦૩ તથા ઈ.એન.ટી.ના ૩૦ માયનોર ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૯,૯૨,૫૩૬/-, તેમજ ઈન્ડોરમાં રૂા. ૬૦,૧૬૫/-ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ,એક્ષરે,ઓક્સીજન વિગેરેમાં) રૂા. ૪૬,૦૦૫/- ની માફી મળીને કુલ રૂા.૧૦,૯૮,૭૦૬/- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પઃ** માહે ઓગસ્ટ -૨૦૨૫ ના માસમાં ૬૬ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

**(૨) મણીબેન મોહનલાલ શાહ(વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઇકોકેમ્પ :** માહે ઓગસ્ટ - ૨૦૨૫ ના માસમાં માં કુલ ૬૪ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ છે.

**(૩) શ્રીમતી જશુમતીબેન કીરતનલાલ કડકીઆ અને કાલીન્દી રાજેશ કડકીઆ ઈ.સી.જી. (કાર્ડીઓગ્રામ) કેમ્પ :** માહે ઓગસ્ટ -૨૦૨૫ ના માસમાં ૨૮૪ ઈ.સી.જી. કરવામાં આવેલ છે. કુલ રૂા. ૧૪,૨૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

## 'ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) CALIFORNIA આઈ હોસ્પિટલ

હોસ્પિટલમાં ઓગસ્ટ - ૨૫ માસમાં ઓ.પી.ડી. માં ૧૫૦૧ દર્દીઓએ લાભ લીધેલ છે તથા ૧૦૬ ઓપરેશનો રાહતદરે કરવામાં આવેલ છે. તેમજ કુલ રૂા. ૧,૯૦,૧૧૮/- ની માફી આપવામાં આવેલ છે.

**કમળાબેન શાંતિલાલ પરીખ (ફુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસ)**
**માહે ઓગસ્ટ - ૨૦૨૫ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિઝીશીયન વિભાગ | ૧૧૪૦ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૧૩૨ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૧૪૦ |
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૧૯૯ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૩૪ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૧૬૯ |
| ૭. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | ક્રીટીકલકેર વિભાગ | ૧૨૩ |
| ૮. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | મેડીકલ સ્ટોર વિભાગ | ૫૪૯૬ |
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ (કોલકત્તાવાળા) | મેડીકલ આઈ.સી.યુ. | ૪૦ |

તથા ગેસ્ટ્રોલોજી વિભાગના ૩૮ મળી **કુલ ૨૦૧૫ દર્દીઓએ ઓપીડીમાં તથા ઈન્ડોરમાં ૯૨ દર્દીઓએ**, એક્ષરે વિભાગમાં ૨૧૬ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૧૧૭૩ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૫૮ દર્દીઓએ લાભ લીધેલ છે. દવાની કુલ રૂ. ૧૦,૮૮૯/- ની માફી તથા ઈન્ડોર માફી રૂા. ૩,૪૦૦/- મળીને કુલ રૂા. ૧૪,૨૮૯/- ની માફી કરવામાં આવેલ છે.

**શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી 'માનીકોશી' ડાયાલીસીસ સેન્ટર**

ડાયાલીસીસમાં સરકારશ્રીની PMJAY યોજના હેઠળ માહે ઓગસ્ટ -૨૦૨૫ ના માસ દરમિનાય ૧૦૩ દર્દીઓએ લાભ લીધેલ છે. તે તમામ દર્દીઓને સરાકરશ્રીની PMJAY યોજના અંતર્ગત સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ નર્સીંગ કોલેજની ફી માફી માટે વધુ નોંધાયેલ દાન/વચન**

**ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) નર્સીંગ કોલેજ સ્ટુડન્ટ ફી રાહત યોજના''**

આ યોજના હેઠળ કુલ રૂા. ૬૬,૦૬,૬૮૧/- જમા છે. આ યોજના હેઠળ રૂપિયા એક કરોડનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. તો દાતાશ્રીઓને ઉદાર હાથે દાન આપવા વિનંતી છે.

**કે.એમ. જી. જનરલ હોસ્પિટલના ૭૫ વર્ષ (PLATINUM JUBILEE) ની ઉજવણી**

બાલાસિનોરની આ હોસ્પિટલના ચાલુ વર્ષે ૭૫ વર્ષ પુરા થતા હોઈ આ સીમાચિન્હને યાદગાર બનાવવા માટે **મુંબઈ મુકામે 'વાય.બી. ચવ્હાણ ઓડીટોરીયમ', ચર્ચગેટ ખાતે રવિવાર, તારીખ ૧૧-૧-૨૦૨૬ ના રોજ સવારે ૯ (નવ) કલાકે** એક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં **શ્રી શશીકાંતભાઈ મોહનલાલ ધારીઆ (કુણીવાલા) મુખ્ય મહેમાન પદ શોભાવશે.** તેમજ **રવિવાર, તા. ૨૨-૨-૨૦૨૬ના રોજ સાંજે ૬ (છ) કલાકે બાલાસિનોર ખાતે 'સિધ્ધનાથ પાર્ટી પ્લોટ'** ખાતે એક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે **શ્રી સુરેન્દ્રભાઈ બાબુલાલ ગાંધી મુખ્ય મહેમાન પદ શોભાવશે.**

**નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા હોદ્દેદારોના ઈમેલ આઈડી ઉપર તથા મો.નં. ઉપર જાણ કરવા વિનંતી.

કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં **સર્જીકલ નિદાન તથા ઓપરેશન કેમ્પના નામકરણના રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ) ના દાતા આવકાર્ય છે.** આ કેમ્પ બાલાસિનોર નગર તેમજ આજુબાજુના તાલુકાઓની ગરીબ તથા મધ્યમ વર્ગની જાહેર જનતા માટે આશિર્વાદરૂપ સાબીત થશે. તો આ કેમ્પના નામકરણ માટે બાલાસિનોર નગરવાસીઓને જાહેર અપીલ કરવામાં આવે છે.

નર્સિંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ છે. નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો દાતાશ્રીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે.

આજ સુધી રૂપિયા ૦૫ (પાંચ) કરોડનું દાન દાતાશ્રીઓ દ્વારા મળેલ છે અને **હજુ વધુ રૂપિયા બે કરોડના દાનની રકમની આવશ્યકતા છે.** તો બાલાસિનોરના ઉદાર દિલના સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) Email : eaglevnd@gmail.com તેમજ આ અંગે અપીલમાં નીચે જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી રાજેન્દ્ર કે. દેસાઈ (પ્રમુખશ્રી)** - **૯૮૨૦૦૮૦૧૯૪** - **Email : rkdesai1951@gmail.com**
**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી)** - **૯૮૨૧૦૩૯૦૮૭** - **Email : nitinkmg@gmail.com**
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી)** - **૯૮૨૧૦૨૪૩૯૯** - **Email : pparikh58@gmail.com**
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી)** - **૯૮૨૦૦૪૯૧૩૪** - **Email :sujatient@gmail.com**
**શ્રી યોમેશભાઈ શાહ (ખજાનચી)** - **૯૩૨૨૨૪૫૧૪૩** - **Email :yomesh2611@gmail.com**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ – માનદ્ મંત્રીશ્રીઓ**

---

## પ્રકીર્ણ વિભાગ

### તેજસ્વી તારલા



**ડૉ. યશ સુકેતુ પરીખ (વકીલ)** તેઓએ મહારાષ્ટ્ર યુનિવર્સિટી ની M.D. Pharmacology ની પરીક્ષા પાસ કરી છે.

સંસ્થા તરફથી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ મોહિતકુમાર કાંતિલાલ મહેતા (લેડી) | ૮૦ |
| ✤ ગીતાબેન રજનીકાંત ધારીઆ (મુછારી) | ૭૫ |
| ✤ અમીતા રાજેશ પરીખ | ૭૧ |
| ✤ ઈન્દિરાબેન પ્રવિણચંદ્ર પરીખ | ૮૬ |
| ✤ પંકજ સોમાલાલ પરીખ (ઘી વાળા) | ૭૫ |
| ✤ ઈન્દિરાબેન રજનીકાંત કડકીઆ (લટકારી) | ૮૦ |
| ✤ ઈન્દુબેન નવનીતલાલ શાહ (ઝાટ) | ૯૫ |
| ✤ ચંદ્રકાંત પુનમચંદ દોશી | ૮૪ |
| ✤ નવનીતલાલ મણીલાલ શાહ (ઝાટ) | ૧૦૧ |
| ✤ સાવિત્રીબેન ચંપકલાલ દેસાઈ | ૯૫ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



POLYCAB
Prabhat Wires AK
Private Limited
OUR PRODUCTS
Head Office

## ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

RAVIN PAREKH | RAKESH PAREKH

## IES

25

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

ROBE

HK

Concept • Design • Installation • Support • Training • Maintenance


To

If not delivered please return to: